# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકાની સબસીડીપરી કંપની સુરત સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી. ને ભારતના પ્રતિસ્થિત મીડિયા ગ્રુપ એક્ષપ્રેસ ગ્રુપ દ્વારા પૂના ખાતે એન્ટરપ્રાઈઝ એપ્લીકેશનની કેટેગરીમાં ITMS(Intelligent Transit Management System) માટે સ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઇનોવેશન એવોર્ડ તા.૦૯/૦૩/૨૦૧૮નાં રોજ પ્રાપ્ત થયેલ છે.

સદર ITMS સીસ્ટમની અંદર નીચેનાં પ્રકારના મોડ્યુલ સમાવેશ થાય છે.

૧. AVLS (Automatic Vehicle Location System) - આ મોડ્યુલમાં બસનું ઓનલાઈન ટ્રેકિંગ થાય છે.

૨. DMS (Depot Management System) - આ મોડ્યુલમાં બસોને એલોકેટ કરવામાં આવે છે. તથા ડ્રાયવર અને કંડકટરોનું સીધું મોનીટરીંગ કરવામાં આવે છે.

૩. PIS (Passenger Information System) અને PAS (Passenger Announcement System) - આ મોડ્યુલમાં બસોમાં રૂટ તથા સ્ટોપની જાણકારી આપવામાં આવેલ છે.

૪. IMS (Incident Management System) - આ મોડ્યુલમાં બસોને લાગતા બધા પ્રકારના બનાવો રેકોર્ડ કરી યોગ્ય પગલા લેવામાં આવે છે. તેમજ ભવિષ્યમાં આવા બનાવોને બને તેની કાળજી રાખવામાં આવે છે.

૫. EMS (Enterprise Management System) - આ મોડ્યુલમાં ITMSનાં તમામ હાર્ડવેર કમ્પોનન્ટનું મોનીટરીંગ કરવામાં આવે છે.

સદર કેટેગરીમાં આવેલ એપ્લીકેશન પૈકી ક્વોલીફાઈડ થયેલ ત્રણ એપ્લીકેશન પૈકી સુરત સ્માર્ટસીટી ડેવલપમેન્ટ લી. આ એવોર્ડ માટે સીલેકટ થયેલ છે જે ખુબજ ગૌરવવંતી બાબત છે અને સુરત મહાનગરપાલિકાની સિધ્ધિમાં વધુ એક એવોર્ડનો ઉમેરો થયેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ..........................................
તા. ૧૨/૦૩/૨૦૧૮ 811

# સુરત મહાનગરપાલિકા
## યુ.સી.ડી વિભાગ
## અખબારી યાદી

**સુરત મહાનગરપાલિકાયુસીડી વિભાગના પિંક ઓટો કાર્યક્રમ અંતર્ગત બહેનોને રીક્ષા વિતરણ તથા આઈ.સી.ડી.એસ. વિભાગના RUSF પાઈલોટ પ્રોજેક્ટની શરૂઆત.**

વિષય : તા:૧૩/૦૩/૨૦૧૮ નાં રોજ રતનચોક લીંબાયત ખાતે યુસીડી વિભાગ દ્વારા અમલીકૃત પિંક ઓટો કાર્યક્રમ અંતર્ગત બહેનોને રીક્ષા વિતરણ તથા આઈ.સી.ડી.એસ. વિભાગના RUSF પાઈલોટ પ્રોજેક્ટની શરૂઆતની વિગત,

ઝડપથી વિકસતા સુરત શહેરમાં લોકોની જરૂરિયાતને ધ્યાને લઇ સુરત મહાનગરપાલિકા દ્વારા અનેક લોકઉપયોગી કાર્યક્રમો ચલાવવામાં આવે છે. શહેરને તમામ ક્ષેત્રે ગતિશીલ બનાવવાના હેતુથી આંતરમાળખાકીય સુવિધાઓના વિકાસ સાથે સાથે જરૂરિયાતમંદ લોકોના આરોગ્ય, શિક્ષણ તેમજ આર્થિક વિકાસને પ્રાધાન્ય આપવામાં આવે છે.સ્થાનિક લોકોની જરૂરિયાત અને પ્રશ્નોનો ઉકેલ જડપી લાવી શકાય તે માટે મહાનગરપાલિકાના વિવિધ વિભાગો દ્વારા અનેકવિધ લોકોપયોગી યોજનાઓ ચલાવવા આવે છે તેમજ જરૂરિયાત જણાયે નવા કાર્યક્રમો/યોજનાઓ થકી વિકાસની પ્રક્રિયાને અવિરત ચાલુ રાખવા પ્રયાસ કરવામાં આવે છે.

યુસીડી વિભાગ, સુરત મહાનગરપાલિકા દ્વારા દીનદયાળ અંત્યોદય યોજના –રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન હેઠળ શહેરી ગરીબ પરિવારોને ગૌરવભેર રોજગાર અને સ્વરોજગાર પ્રાપ્ત થાય તેવા પ્રયાસો કરવામાં આવે છે. આ ઉપરાંત યુ.સી.ડી. વિભાગ દ્વારા વંચિત વર્ગ ખાસ કરીને મહિલાઓ અને શહેરી ગરીબ લોકો પર ધ્યાન કેન્દ્રિત કરીનેવિવિધ કાર્યક્રમો/યોજનાઓ ચલાવવામાં આવે છે. શહેરી ગરીબ મહિલાઓને રોજગાર મળી રહે તે માટે જરૂરિયાતમંદ મહિલાઓને રીક્ષા ચલાવવાની તાલીમ દ્વારા સ્વરોજગાર સાથે સાંકળી મહિલાઓનું આર્થિક સશક્તિકરણ કરવાના તથા શહેરમાં મહિલાઓ તથા બાળકોને સ્થાનિક મુસાફરીમાં સુરક્ષિત મસાફરી માટે વિકલ્પ મળી રહે તે હેતુથી પિંક ઓટો પ્રોજેક્ટ ચાલુ કરવામાં આવેલ, આ પ્રોજેક્ટ અંતર્ગત પ્રથમ તબક્કામાં ૧૬ બહેનોને રીક્ષા વિતરણ કરવામાં આવેલ.જેઓ રીક્ષા સંચાલન દ્વારા ગૌરવપૂર્વક આર્થિક ઉપાર્જન સાથે સાથે સંકળાયેલ છે. જે અંતર્ગત આજતા.૧૩/૦૩/૨૦૧૮ નાં રોજ નીલગીરી સર્કલ, લીંબાયત ખાતે માં.મેયર શ્રીમતી અસ્મીતાબેન શિરોયા, નેતાશ્રી શાશાક્પક્ષ શ્રી ગિરજાશંકર મિશ્રા,મ્યુ.કમિશનરશ્રી એમ. થેન્નારસન, સંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતી રૂપલબેન શાહ, આરોગ્ય સમિતિના ચેરમેન શ્રી અનિલભાઈ બિસ્કીટવાલા, સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના ચેરમેન શ્રીમતી રમીલાબેન પટેલ તેમજ મ્યુ.સદસ્યશ્રીઓ હાજર રહી ૧૬લાભાર્થીઓને પિંક ઓટો વિતરણ કરવામાં આવેલ.

આ ઉપરાંતઆઈ.સી.ડી.એસ. વિભાગ આંગણવાડી દ્વારા પ્રી-પ્રાઈમરી શિક્ષણ ક્ષેત્રે સુધારો લાવવા સ્માર્ટ આંગણવાડીનો અભિગમ અમલમાં મુકેલ છે. શહેરને કુપોષણથી મુક્ત કરવાના

અભિયાનમાં આગળ વધતા આજરોજ તા.૧૩/03/૨૦૧૮ ના આંગણવાડીના મધ્યમ ગંભીર કુપોષણ ધરાવતા ૩૦૫ બાળકોને પાઈલોટ પ્રોજેક્ટ અંતર્ગત "રેડી તો યુઝ સપ્લીમેન્ટરી ફૂડ"(RUSF) આપવા અંગેના કાર્યક્રમની શરૂઆત આવેલ મહાનુભાવોના હસ્તે કરવામાં આવી હતી. આ પ્રસંગે માનનીય મેયરશ્રીએ જણાવેલ કે કુપોષણ એ બાળકોના સર્વાંગી વિકાસને અસર કરે છે. સુરત મહાનગરપાલિકા આ સમસ્યાને જડમૂળથી દૂર કરવા કટિબદ્ધ છે. આ પાઈલોટ પ્રોજેક્ટનું પરિણામ ધ્યાને લઇ જરૂરી સુધારા સાથે આ કાર્યક્રમ અંતર્ગત શહેરના અન્ય ૪૦૦૦ બાળકોને જોડવામાં આવશે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા

સમાચાર યાદી નં 812

તા.૧૩/03/૨૦૧૮



# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા સંચાલિત આંગણવાડી કેન્દ્ર નં. ૧૬૦ અંબિકા મહોલ્લો, રતન ચોક, લિંબાયત ખાતે તા. ૧૩/૦૩/૨૦૧૮ ના રોજ ૧૦:૦૦ કલાકે મધ્યમ ગંભીર કુપોષિત (MAM) બાળકોને સારવાર રૂપે રેડી ટુ યુઝ સપ્લીમેન્ટરી ફુડ (RUSF) આપવાના પાયલેટ પ્રોજેકટના ઉદ્‌ઘાટન સમારોહમાં માન. મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, મે.કમિશ્નરશ્રી એમ.થેન્નારસન, આરોગ્ય સમિતિનાં ચેરમેન અનિલભાઈ બિસ્કીટવાલા સાંસ્કૃતિ સમિતિના ચેરમેન શ્રીમતી રૂપાબેન શાહ , ડે.કમિશનરશ્રી ડૉ. હેમંતભાઈ દેસાઈ, ડે. કમિશનરશ્રી સી.વાય.ભટ્ટ, આસી. કમિશનર શ્રીમતી ગાયત્રીબેન જરીવાલા તથા અન્ય કોર્પોરેટરશ્રીઓ હાજર રહી પ્રોજેકટને ખુલ્લા મુકવામાં આવેલ.

આ પાયલોટ પ્રોજેકટ દ્વારા લિંબાયતના ડીંડોલી વિસ્તારની ૧૦૦ આંગણવાડી કેન્દ્રોમાં ૩૦૫ મધ્યમ ગંભીર કુપોષિત બાળકોને દૈનિક એક (RUSF) સેચેટ ( ૯૨ ગ્રામ) મુજબ ૮ અઠવાડીયા સુધી (RUSF) આપવામાં આવશે. આ સાથે દર અઠવાડીયે બે વાર બાળકોની માતાઓને રૂબરૂ બોલાવી આરોગ્ય પોષણ શિક્ષણ આપવામાં આવશે.

આ પ્રસંગે આઈ.સી.ડી.એસ.નો સ્ટાફ તથા આંગણવાડી વર્કર બહેનો તથા બાળકોનાં વાલીઓ મોટી સંખ્યા માં હાજર રહયા હતા આંગણવાડીનાં કુપોષિત (MAM) બાળકોને હસ્તક (RUSF) સેચેટ ખવડાવામાં આવેલ હતા.

આ નવતર પ્રયોગ સુરત મહાનગરપાલિકા સ્વ ખર્ચે શહેરના કુપોષિત બાળકોની સમસ્યા દુર થાય તે હેતુસર કરી રહી છે. આ પાયલેટ પ્રોજેકટની સફળતાને ધ્યાને લઈ બાકીની ૧૦૯૨ આંગણવાડીના ૪૮૦૦ મધ્યમ ગંભીર કુપોષિત બાળકોને (RUSF)ધ્વારા કુપોષિત દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

માન.મેયરશ્રીએ જણાવ્યું કે સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરત શહેરની આંગણવાડી કેન્દ્રોમાં આવતા બાળકોને કુપોષણથી મુકત કરવા કટિબધ્ધ છે. આ પાયલોટ પ્રોજેકટની તેમણે શુભેચ્છાઓ પાઠવી બાળકોના વાલીને આંગણવાડીમાં દરરોજ બાળકને મોકલવા જણાવેલ હતું.

આ કાર્યક્રમ આઈ.સી.ડી.એસ. વિભાગના ઘટક–૩ ના સ્ટાફ ધ્વારા સુંદર રીતે આયોજન કરેલ હતો.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં..........................
તા.૧૩/૦૩/૨૦૧૮ 813



# પ્રેસનોટ

સુરત શહેર પાણી પુરવઠા વ્યવસ્થા અંતર્ગત સુરત મહાનગરપાલિકા શહેરીજનોને પાઈપલાઈન મારફત પાણી પૂરું પાડે છે જેમાં તાપી નદીનું પાણી સ્ત્રોત તરીકે ઉપયોગમાં લેવામાં આવે છેઋતુ પરિવર્તનને પરિણામે તથા ચોમાસું નબળું રહેવાને . પરિણામે ઉપરવાસમાંથી પાણીની આવકમર્યાદિત રહેવાને કારણે પાણી જન્ય વનસ્પતિનો ઉપદ્રવ જોવા મળતો છે,વળી . ,સૂર્યપ્રકાશની હાજરીમાં તથા પાણીમાં ભળતા ન્યૂટ્રિયન્ટની કારણે પાણી જન્ય વનસ્પતિનો ઉગાડ વધી જતો હોય વનસ્પતિનાં ઉપદ્રવને કારણે શહેર પાણી પુરવઠો વિક્ષેપ હેઠળ ન આવે તે માટેનાં ઉપાયો અમલમાં મુકવામાં આવી રહેલ છે. શહેર વિસ્તારમાંથી પસાર થતી તાપી નદીમાં ખાસ કરીને સુરત શહેર હદ વિસ્તારમાં ,કેટલાક આઉટલેટ્સ તથા કુદરતી રીતે તથા ભૌગોલિક રચનાને આધારે ખાડીઓ સ્થાપેલ છે જેના દ્વારા નદીમાં સુએઝ યુક્ત પાણી ભળવાની ઘટનાને રોકવા તથા સદંતર બંધ કરવાના હેતુસર મ્યુ.કમિ.શ્નરશ્રીની અધ્યક્ષતા હેઠળ રાંદેર/કતારગામ તથા વરાછા ઝોનનાં ઝોનલ , ના રોજ સંયુક્ત મીટીંગનું આયોજન ૨૦૧૮-૦૩-૧૩.સીટી ઇજનેરશ્રી તથા હાઈડ્રોલિક વિભાગ સાથે તા ,ચીફશ્રીઓ કરેલ જેમાં વિવિધ ઝોન તથા ડ્રેનેજ વિભાગ દ્વારા કરવામાં આવેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવેલ.

➢ **વરાછા ખાડી સાકેત ધામ પાસે :–**

- આ ખાડી સુરત શહેર બહારના વિસ્તારમાં ડેવલપ થયેલ વિવિધ રેસીડેન્સીયલ / ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીનું વપરાશી પાણી તથા કેનાલ એસ્કેપનું પાણી આવે છે. આ ખાડીનું પાણી તાપી નદીમાં જતું અટકાવવા માટે ૨૨૦૦ મી.મી. વ્યાસની પાઈપ લાઈન નાંખવામાં આવેલ છે અને બે સબમર્શીબલ પંપો હંગામી ધોરણે મુકવામાં આવેલ છે. જેના મારફતે ખાડીના પાણીનું રેગ્યુલર ડ્રેનેજ નેટવર્કમાં નિકાલ કરવામાં આવે છે. આમ બંને સિસ્ટમ થકી ૪૦ થી ૪૫ એમ.એલ.ડી. ગંદુ પાણી તાપી નદીમાં જતુ અટકાવી શકાયુ છે.
- વધુમાં, શહેરની વરાછા ખાડીમાં આવતા પાણીનો કાયમી નિકાલ કરવા માટે તાપી શુધ્ધિકરણ પ્રોજેકટ અંતર્ગત હાલ ૯૦ મી. પહોળા આઉટર રીંગરોડ પર ખડસદ ગામ પાસે વરાછા ખાડીમાં ડાયવર્ઝન વીયર બનાવી સણીયા હેમાદ ગામ પાસેની મીઠીખાડી સુધી ૧૮૦૦ મી.મી. વ્યાસની ડબલ આર.સી.સી.પાઈપલાઈન નાંખવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે જેની કુલ લંબાઈ ૪૧૫૦ ર.મી. પૈકી ૧૦૦૫ ર.મી. કામ પૂર્ણ કરવમાં આવેલ છે. જે પણ મે–૨૦૧૮ અંતે પૂર્ણ કરવામાં આવશે.

➢ **છાપરાભાઠા ખાડી :–**

- આ ખાડી કોસાડ ગામની ઉપરના ભાગે "સુડા" વિસ્તારના ગોથાણ–ભરથાણા ગામના ઉપરવાસથી ચાલી આવે છે. ઔદ્યોગિક ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના વપરાશી પાણીનો કોઈ સુઆયોજિત નેટવર્ક કે ટ્રીટમેન્ટ પ્લાન્ટ મારફતેસીધે સીધુ ખાડીમાં થઈને છેલ્લે છાપરાભાઠા ખાતે આવે છે.
- આ ઉપરાંત આ વિસ્તારમાં સિંચાઈ વિભાગની જમણા કાંઠાની મેઈન કેનાલ નું Escape Water આ ખાડીમાં આવે છે. આ ખાડીનું પાણી અત્રેના છાપરાભાઠા સુએઝ પમ્પીગ સ્ટેશન પાસે ગેબિયન તથા રેતી–માટીની ગુણોનો કાચો આડબંધ (પાળો) બનાવીને બાજૂના સુએઝ પમ્પીગ સ્ટેશન ખાતે લઈને વરીયાવ–કોસાડ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં લઈ જઈ ટ્રીટ કરવામાં આવે છે.
- આ ઉપરાંત આ ખાડીમાં બે સબમર્શીબલ પંપો ( 20HP + 25HP ) મુકીને તેના ધ્વારા ખાડીનું પાણી સીધુ પમ્પીગસ્ટેશન માં લેવામાં આવી રહયુ છે. વધુમાં આ ખાડીના ઉપરવાસમાં ગણેશપુરા ગુ.હા.બોર્ડ વસાહત પાસે એક સબમર્શીબલ પંપ (10HPP)મુકીને વપરાશી પાણીનો નિકાલ રેગ્યુલર ડ્રેનેજ નેટવર્કમાં કરવામાં આવે છે. આમ, આ ખાડીમાંથી તાપી નદીમાં જતુ ૨૫ થી ૩૦ એમ.એલ.ડી. જેટલુ પાણી અટકાવી શકાયું છે.

➢ **વરીયાવ ગામ ફલડ રેગ્યુલેટરી સ્ટ્રકચર :–**

- વરીયાવ ગામતળ વિસ્તારમાં ડ્રેનેજ નેટવર્ક પૂર્ણ કરીને કાર્યરત કરવામાં આવેલ છે
- વરીયાવ વિસ્તારના ખેતરોમાં નહેર ધ્વારા / સબમર્શીબલ પંપ ધ્વારા વાપરવામાં આવતા પાણી પૈકીના વધારાના પાણીનો નિકાલ ખેડુત ધ્વારા કુદરતી કાંસ મારફતે ખાડીમાં થતો હોય તે પાણી ખાડીમાં આવીને

તાપી નદીમાં ભળે છે. આ ઉપરાંત કેનાલનું વધારાનું પાણી ( Escape water ) પણ કેનાલના રોટેશન મુજબ આવતુ હોય છે. તેમછતાં આ પાણીના જથ્થાનો કયાસ કાઢી અંશતઃ અશુધ્ધ આ પાણીને પણ સુરત મહાનગરપાલિકા પોતાની સિસ્ટમમાં ડાયવર્ટ કરવા અંગેના વિકલ્પની વિચારણા કરી રહી છે.

➤ **રાંદેર હનુમાન ટેકરી :–**

- રાંદેર હનુમાન ટેકરી થી રાંદેર પમ્પીંગમાં જતી ડ્રેનેજ લાઈનમાં ચાર જગ્યામાં ડ્રેનેજ લાઈનમાંથી સ્ટોર્મ ડ્રેનેજ લાઈનમાં બાયપાસ બંધ કરવામાં આવેલ છે તથા તેના પર મહદઅંશે કાબુ મળી ગયેલ છે.
- પાણીના સપ્લાય દરમિયાન થોડે અંશે આ આઉટલેટસમાંથી આવતા પાણીને બંધ કરવા માટે મીકેનાઈઝડ સી.સી. ટી.વી. વડે રામનગર ચાર રસ્તા પાસે ડ્રેનેજ લાઈનને સફાઈ કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. જે થકી આ આઉટલેટને સંપૂર્ણતઃ બંધ કરી શકાશે.

➤ **મોટાવરાછા તથા ઉત્રાણ ખાતેના આઉટલેટ :–**

- મોટાવરાછા તથા ઉત્રાણ ખાતે જુદા–જુદા ત્રણ લોકેશનો પર સ્ટ્રોર્મ વોટરના આર.સી.સી. બોક્ષ ડ્રેઈનના આઉટલેટસ છે અને આઉટલેટમાં આવતા ડ્રેનેજ કનેકશનો બંધ કરવાથી તથા ક્રીટીકલ સેકશનમાં નવી ડ્રેનેજ લાઈન નાંખીને પણ આ આઉટલેટસ પર આવતા સુએઝને મહદઅંશે રોકી શકાયું છે.

➤ **મહાદેવ ઓવારા (મોટાવરાછા) :–**

- ગામતળની ગ્રામપંચાયત વખતની જુની ડ્રેનેજ લાઈનનું પાણી આ સ્ટ્રોર્મ લાઈનમાં આવતુ હતુ. હાલ નવી ડ્રેનેજ લાઈન નાંખવામાં આવે છે. જેથી ઘણુ બધુ પાણી નદીમાં ભળતુ અટકાવી શકાયેલ છે અને ગામતળના અન્ય ડ્રેનેજ કનેકશનો શોધી આ નવી ડ્રેનેજ લાઈનમાં તબદીલ કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. જેથી ટુંક સમયમાં આ આઉટલેટ મારફતે નદીમાં જતુ તમામ પાણી બંધ થઈ જશે.

➤ **લંકા વિજય હનુમાન મંદિર પાસે આઉટલેટ :–**

- લંકાવિજય હનુમાન મંદિરની નજીક આવેલ વસાહત અને તબેલાઓના વપરાશી પાણીનો નિકાલ અર્થડ્રેનેજ નેટવર્ક નાંખીને સેપ્ટીક ટેન્ક – સોકપીટ સહિતનું સુગ્રથિત આયોજન કરી તેને રેગ્યુલર મેઈન્ટેનન્સ કરી તાપી નદીમાં વપરાશી પાણીનો નિકાલ થતો અટકાવેલ છે. તેના પર મોનીટરીંગની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

➤ **મોઢી મહોલ્લો વોર્ડ ઓફિસ અને શાકમાર્કેટ પાસેનો આઉટલેટ :–**

- આ આઉટલેટને લાગુ સ્ટ્રોર્મ ડ્રેઈનમાંથી કુલ–૦૯ જેટલા ગેરકાયદેસર ડ્રેનેજ કનેકશન બંધ કરવામાં આવેલ છે. જેના કારણે આ આઉટલેટમાંથી તાપી નદીમાં ગંદુ પાણી ભળતુ નથી.

જનસંપર્ક વિભાગ
સમાચાર યાદી નં.......... 814
તા.૧૩/૦૩/૨૦૧૮
સુરત મહાનગરપાલિકા


***************

# પ્રેસનોટ


## એરેશન સીસ્ટમની ગોઠવણ

સુરત શહેર પાણી પુરવઠા વ્યવસ્થા અંતર્ગત સુરત મહાનગરપાલિકા શહેરીજનોને પાઈપલાઈન મારફત પાણી પૂરું પાડે છે જેમાં તાપી નદીનું પાણી સ્ત્રોત તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. ઋતુ પરિવર્તનને પરિણામે તથા ચોમાસું નબળું હોવાને પરિણામે ઉપરવાસમાંથી પાણીની આવક મર્યાદિત હોવાને કારણે પાણી જન્ય વનસ્પતિનો ઉપદ્રવ જોવા મળતો છે. વળી, સૂર્યપ્રકાશની હાજરીમાં પાણી જન્ય વનસ્પતિનો ઉગાડ વધી જતો હોય, વનસ્પતિનાં ઉપદ્રવને કારણે શહેર પાણી પુરવઠો વિક્ષેપ હેઠળ ન આવે તે માટેનાં ઉપાયો અમલમાં મુકવામાં આવી રહેલ છે. પાણીની સપાટી ઉપર જોવા મળતી વનસ્પતિને કારણે પાણીમાં ઓગળેલા વિવિધ વાયુનું પ્રમાણ વધવાની સાથે સાથે પાણીમાં ઓક્સીજનની માત્રા ઘટવાની શક્યતા રહેલી હોય છે. ઉક્ત હેતુસર, આગોતરા આયોજન રૂપે

1. કતારગામ વોટર વર્કસ ખાતેનાં બે ઈન્ટેક વેલ્સની ફરતે બે નંગ એરેશન સીસ્ટમ સ્થાપિત કરવામાં આવેલ છે.
2. ઉપરાંત, રાંદેર વોટર વર્કસ ખાતેના પ્લાન્ટમાં પણ એરેશન સીસ્ટમ ગોઠવવામાં આવેલ છે.



કતારગામ વોટર વર્કસ ખાતેના ઈન્ટેક વેલ્સની ફરતે ગોઠવેલ ફ્લોટિંગ એરેશન સીસ્ટમ



રાંદેર વોટર વર્કસ ખાતેના પ્લાન્ટમાં ગોઠવેલ ફ્લોટિંગ એરેશન સીસ્ટમ

સદરહુ વ્યવસ્થા આગામી ચોમાસા સુધી કાર્યરત રાખવામાં આવશે જેનાથી પ્લાન્ટમાં મેળવવામાં આવતા રો-વોટરમાં વનસ્પતિને કારણે પાણીમાં ઓગળેલા વિવિધ વાયુઓને નિકાલ કરવાની સાથે સાથે પાણીમાં ઓક્સીજનની માત્રા વધારો કરવામાં મદદરૂપ થઈ રહેશે.

જનસંપર્ક વિભાગ
સમાચાર યાદી નં.........
તા.૧૩/૦૩/૨૦૧૮ 815
સુરત મહાનગરપાલિકા

# પ્રેસનોટ

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ કાજીનું મેદાન, ગોપીપુરા વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૮, નોંધ નં.૧૨૧૨ વાળી મિલ્કતના મિલ્કતદાર શ્રીમતી મલ્લિકાબેન એસ.ઝવેરીનાં અધિકૃત આર્કિટેક શ્રી અમર પ્રવિણચંદ્ર શેઠના દ્વારા સેન્ટ્રલ ઝોન ખાતે સી.ઝેડ/આ.નં.૯૭, તા.૦૩/૦૮/૧૬ થી બાંધકામના પ્લાન મંજુર કરાવેલ. જે મંજુર પ્લાનની રજાચિઠ્ઠી રીન્યુલ કરાવ્યા સિવાય, સ્થળ પર બેઝમેન્ટ, ગ્રા.ફ્લોર + પાંચ માળે મંજુર પ્લાન વિરુધ્ધ વધારાનું બાંધકામ કરેલ. જે બાબતે સુરત મહાનગરપાલિકા, સેન્ટ્રલ ઝોન દ્વારા નોટીસ પાઠવી તા.૧૪/૦૯/૧૭ ના રોજ મનાઈહુકમ તથા કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલ. તેમજ સદર બાબતે આર્કિટેકને પણ નોટીસ પાઠવવામાં આવેલ. જે બાબતે તા.૨૮/૧૨/૧૭ ના રોજ ડીમોલીશનની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. તેમજ આ મિલ્કત આર્કીયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયાનાં કેન્દ્રીય સંરક્ષિત સ્મારક " ખ્વાજાદાના સાહેબ રોજા " ના રેગ્યુલેટેડ વિસ્તારમાં આવેલ હોવાથી તે બાબતે " નો ઓબજેક્શન સર્ટીફીકેટ " રજુ કરેલ હોવા અંગેની ચકાસણીની ખરાઈ કરાવતા પુરાતત્વ વિભાગ, વડોદરા સર્કલના પત્ર ક્રમાક. એફ નં.૬૨/૧/૨૦૧૭– SUR–૯૫૪૫, તા.૨૬/૧૨/૧૭ મુજબ, આપવામાં આવેલી પરવાનગી કાયદેસરની ન હોય અને ગેરરજુઆતના આધારે મંજુરી મેળવેલ હોવાનું ધ્યાને આવતા આર્કીયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા મારફત આ બાંધકામની ફ્રેશ / તાજેતરની એન.ઓ.સી. રજુ કરવામાં ન આવે ત્યા સુધી તા.૦૩/૦૮/૧૬ પત્ર નં.સી.ઝેડ/આ.નં.૯૭ થી આપવામાં આવેલ વિકાસ પરવાનગી સ્થગિત કરવામાં આવેલ. તેમજ આર્કિટેક્ટ / એન્જીનીયર તરીકેની ફરજ અદા કરવામાં નિષ્ફળ ગયેલ શ્રી અમર પ્રવિણચંદ્ર શેઠના ને ટીડીઓ/ઈઆર/૪૧૫ થી રજીસ્ટર્ડ આર્કિટેક્ટ / એન્જીનીયર તરીકેનું સુરત મહાનગરપાલિકા તરફથી આપવામાં આવેલ લાયસન્સ પણ તાત્કાલિક અસરથી અમલમાં આવે તે રીતે તા.૧૩/૦૩/૧૮ ના પત્ર નં.સે.ઝોન/આ.૫૬૯૯ થી સસ્પેન્ડ કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર

સમાચાર યાદી નં. 816..............

તા.૧૪/૦૩/૨૦૧૮

# -: પ્રેસનોટ :-

ધી પ્રોહીબીશન ઓફ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન એકટ–૨૦૧૩ મુજબ રાજય સરકારશ્રીનાં આદેશાનુસાર તમામ ચીફ ઓફિસરશ્રી–નગરપાલિકાઓ, મ્યુ.કમિશ્નરશ્રી–મહાનગરપાલિકાઓ તથા જિલ્લા કલેકટરશ્રી હસ્તકના ગટર સફાઈ તથા ખાળકુવા સફાઈ વિગેરેની કામગીરી દરમ્યાન ગટર ગુંગળામણથી વર્ષ ૧૯૯૩ થી આજદિન સુધીમાં ચાલુ ફરજ દરમ્યાન થયેલ સફાઈ કામદારોનાં થયેલા આકસ્મિક મૃત્યુ સંદર્ભે જે તે સમયે મેયર્સ ફંડ અને અન્ય યોજના હેઠળ આર્થિક સહાય આપવા ઉપરાંત નામદાર સરકારશ્રીની સફાઈ કામદારોના વિકાસને ધ્યાને રાખીને આવા મૃત્યુ પામેલા કામદારોના પરિવારને રૂા. ૧૦.૦૦ લાખનું વળતર ચુકવવા માટે આદેશ કરવામાં આવેલ. સદર બાબતે ભારત સરકારશ્રીનાં સફાઈ કામદારોની રાષ્ટ્રીય આયોગ અનુસુચિત જાતિ નવી દિલ્હી, તથા નેશનલ સફાઈ કામદાર કર્મચારી ફાયનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન તેમજ ગુજરાત રાજય સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરના આ માટે નિર્દિષ્ટ થતા માર્ગદર્શક હુકમો મુજબ સુરત મહાનગરપાલિકાએ આ દિશામાં મૃતક પરિવારોના વારસદરોની ઓળખ કરી તેમને સમયસર આ સહાય મળે એ દિશામાં કાર્યવાહી હાથ ધરી હતી.

જે અન્વયે અત્રેના સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા સફાઈ કામદાર (કાયમી તથા હંગામી) કર્મચારીઓનું ૧૯૯૩ થી આજદિન સુધીમાં ગટર સફાઈની કામગીરી દરમ્યાન મૃત્યુ થયેલ કર્મચારીઓને અત્રેની સાધારણ સભાના ઠરાવ નં. ૩૮૨/૨૦૧૭, તા.૩૦/૦૬/૨૦૧૭ મુજબ રૂા. ૧૦.૦૦ લાખનું વળતર ચુકવવાનું ઠરાવવામાં આવેલ છે. જે અન્વયે મરણ પામેલ કુલ–૦૫ (પાંચ) (૦૪ કાયમી + ૦૧ હંગામી) પૈકી બે કામદારોના વારસદારોને તા.૧૮/૧૨/૨૦૧૭ નાં રોજ જયારે અન્ય બે કામદારોને તા.૦૨/૦૨/૨૦૧૮ સીટી ઈજનેરશ્રીની રૂબરૂમાં માન.કમિશ્નરશ્રીના હસ્તે રૂા. ૧૦.૦૦ લાખ (અંકે રૂપિયા દશ લાખ પુરા) નો ચેક વળતર પેટે અર્પણ કરવામાં આવેલ હતા. જયારે પાંચમા કામદારના વારસદાર શ્રી દિનેશભાઈ ગોવિંદભાઈ જોગડીયાને આજરોજ તા.૧૪/૦૩/૨૦૧૮ નાં રોજ સીટી ઈજનેરશ્રીની રૂબરૂમાં માન.કમિશ્નરશ્રીના હસ્તે રૂા. ૧૦.૦૦ લાખ (અંકે રૂપિયા દશ લાખ પુરા) નો ચેક વળતર પેટે અર્પણ કરવામાં આવેલ છે. આ પ્રસંગે માન.કમિશ્નરશ્રીએ મૃતકના પરિવારને સહાનુભુતિ પૂર્વક તેમની હાલની આર્થિક સ્થિતિ તથા ઘરમાં કામ કરનાર બાળકો વિગેરેની પૃચ્છા કરી તેમને સાંત્વના આપી હતી તથા સરકારશ્રીની આ યોજના હેઠળ તેમને આ સહાય આપવામાં આવી છે તે અંગેની તેઓને જાણ પણ કરી હતી.

સુરત મહાનગરપાલિકા
સુરત.

નં. પી આર ઓ/ 817
તા. ૧૪/૦૩/૨૦૧૮



## પ્રેસ નોટ

# બિન-અધિકૃત / ગેર કાયદેસર નળ જોડાણોને કાયદેસર / નિયમબદ્ધ કરવાની કામગીરી

સુરત શહેર પાણી પુરવઠા વ્યવસ્થા અંતર્ગત શહેરીજનોને પૂરતા પ્રમાણમાં પાણી ઉપલબ્ધ થઇ રહે તે માટેના તમામ ઉપાયો સક્રીય રીતે અમલમાં મુકવામાં આવી રહેલ છે. ઉનાળાની ઋતુમાં પાણીની વધતી જતી માંગને પહચી વળવા માટે જળ વિતરણ નેટવર્કને લગતા વિવિધ કામો પૈકી એક કામગીરી અન-અધિકૃત નળ જોડાણોને શોધી સીલ કરવા / બંધ કરવા કે જરૂરી વહીવટી કાર્યવાહી દ્વારા આ પ્રકારના નળ જોડાણોને રેગ્યુલરાઇઝ કરવામાં આવે છે તથા તેમ કરવાથી બહુમુલ્ય એવું પાણીને વેડફાઈ જતું અટકાવી શકાય છે. વર્તમાન પરીસ્થિતિમાં સમગ્ર શહેર વિસ્તારમાં તમામ પ્રકારના નળ જોડાણોની સંખ્યાઓને જોતા હાલમાં ૪.૧૦ લાખ થી પણ વધુ નળ જોડાણો પ્રવર્તે છે. અન-અધિકૃત નળ જોડાણોને શોધવાની પ્રણાલી તથા જરૂરી કાર્યવાહી કરવા પેટે હાલ પર્યંત,

1. વિવિધ ઝોન દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન કુલ ૧૩૩ જેટલા અન-અધિકૃત નળ જોડાણો શોધી નિયમબદ્ધ કરવાની કાર્યવાહી કરેલ છે.
2. હાઈડ્રોલિક વિભાગ દ્વારા રાંદેર ઝોન વિસ્તારમાં વિવિધ ખેતરોમાં ખેતી હેતુસર જોવા મળેલ, બાંધકામ હેતુસર જોવા મળેલ વિગેરે મળેલ ૨૪ જેટલાં અન-અધિકૃત નળ જોડાણો શોધી સીલ કરવાની કાર્યવાહી કરેલ છે.

વધુમાં, ગેર કાયદેસર નળ જોડાણને કાયદેસર બનાવવા / નિયમબદ્ધ કરવા જરૂરી જન-જાગૃતિ ફેલાવવા તમામ ઝોનમાં બેનર્સ લગાડવામાં આવ્યા જે અન્વયે શહેરીજનોને અપીલ કરવામાં આવેલ છે કે જેઓ પણ આજની તારીખમાં ગેર કાયદેસર નળ જોડાણ ધરાવતા હશે તથા નિયમબદ્ધ કરવા ઈચ્છુક હોય તેઓ તા.૩૧-૦૩-૨૦૧૮ સુધીમાં અરજીકરી જરૂરી નળ જોડાણ કાયદેસર કરાવી શકશે અન્યથા નિયમાનુસાર થતી આકરી પેનલ્ટી તથા નળ જોડાણ બંધ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે.

જન સંપર્ક વિભાગ
સમાચાર યાદી ન....8..1..8..........
તા.૧૫-૦૩-૨૦૧૮
સુરત મહાનગરપાલિકા

# પ્રેસ નોટ

શહેરમાંથી પસાર થતી તાપી નદી તેમજ વિવિધ ખાડીઓમાં બિનઅધિકૃત રીતે ઠલવાતા સુએઝને બંધ કરવાના ભાગરૂપે કરવામાં આવેલ ઝુંબેશને પરિણામે શહેરના ૦૭ (સાત) ઝોનમાંથી છેલ્લા વર્ષ દરમ્યાન કુલ–૧૦૯૭ ડ્રેનેજ જોડાણોને વરસાદી ગટરમાંથી બંધ કરી રેગ્યુલર ડ્રેનેજ સીસ્ટમમાં ડાયવર્ટ કરવામાં આવેલ છે. આ પ્રક્રિયાના ભાગરૂપે જે રોડ પર ડ્રેનેજ લાઈન ઉપલબ્ધ ન હોય, અપુરતી ક્ષમતાની હોય, રાઈડર ડ્રેનેજ લાઈન ન હોય તેવા વિસ્તારોમાં નવી ડ્રેનેજ લાઈન / ડ્રેનેજ લાઈન સ્ટ્રેન્ધનીંગની કામગીરી પણ મધ્યસ્થ ડ્રેનેજ વિભાગ મારફત સાથોસાથ હાથ ધરવામાં આવેલ છે. આ કામગીરી મુખ્યત્વે તાપી નદીના વીયર કમ કોઝવે ના ઉપરવાસના વરાછા ઝોન અને કતારગામ ઝોનમા અગ્રીમતાના ધોરણે કરવામાં આવેલ છે. આ પ્રકારે ડ્રેનેજ જોડાણો દુર કરવાથી તાપી નદીના વિયર કમ કોઝવેના ઉપરવાસમાં વરસાદી ગટર મારફતે ઠલવાતા સુએઝ પર મહદઅંશે કાબુ મેળવી શકાયો છે.

જન સંપર્ક વિભાગ
સમાચાર યાદી ન...૮..૧..૯...........
તા.૧૫-૦૩-૨૦૧૮
સુરત મહાનગરપાલિકા

## પ્રેસ નોટ

## સુરત અને યુરોપીયન યુનીયનના રોટરડેમ શહેર સાથે ટેકનીકલ નોલેજ એક્ષચેંજ કરાર

૨૧ મી સદીમાં વિશ્વના તમામ શહેરો પોતીકી તકો અને પડકારોના ઉમ્બરે ઉભા છે. આજે વિશ્વના ૮૦% જીડીપી માત્ર શહેરોમાંથી આવે છે. જ્યાં દુનીયાના ૫૦% કરતાં વધુ લોકો વસે છે. નિઃશંક વૈશ્વિક અર્થવ્યવસ્થા આજે માત્ર શહેરો ઉપર જ નિર્ભર છે. જુના થતા જતા ઈન્ફ્રાસ્ટ્રકચર, કલાયમેટની વિષમતા, મોટા પ્રમાણમાં ગામડાઓમાંથી થતું સ્થળાંતર અપ્રમાણસર રીતે શહેરો ઉપર માઠી અસર કરી રહયાં છે.

ભવિષ્યમાં સુરત શહેરની વસ્તીમાં જે વધારો થશે અને તેઓની જરૂરી યોગ્ય સુવિધાઓના નિર્માણ માટે અઢળક ઈન્વેસ્ટમેન્ટ અને નવીન ટેકનોલોજીની જરૂર પડશે. આ બાબતમાં સુરત શહેરના મેયર, ચુંટાયેલ પાંખ, કમિશ્નરશ્રી, વહીવટી પાંખ અને જાગૃત નાગરિકો આ પ્રશ્નોના નિરાકરણ માટે નૂતન વિચારોને પ્રોત્સાહીત કરી રહયાં છે અને નવિન્યતાના અમલીકરણના પગલાઓ લઈ રહયાં છે. જેથી સુરત મહાનગરપાલિકા દ્વારા થઈ રહેલા રોકાણોનું યોગ્ય વળતર નાગરિકોને મળી રહે.

આજે દેશના સૌથી વધુ વિકસતા શહેરોની યાદીમાં સુરત મોખરે છે. યુરોપીયન યુનીયન દ્વારા ભારત દેશના ૧૨ શહેરોની પસંદગી કરી યુરોપના ૧૨ શહેરોની સાથે ભાગીદારી કરાર થનાર છે, જે પૈકી સુરત ભારત દેશમાં સૌ પ્રથમ શહેર તરીકે પસંદગી પામેલ છે. આ કરાર હેઠળ પરિણામલક્ષી આયોજનો હાથ ધરાશે. આ કરારથી સુરતને વધુ ફાયદો થશે અને શહેર સુઆયોજિત તથા ટકાઉ શહેર તરીકે વધારે માન્યતા પ્રાપ્ત થશે. આ કરાર દ્વારા સુરતને જરૂરી ટેકનોલોજી અને નાણાંકીય સહાય પ્રાપ્ત થવામાં સહાય મળશે.

આજે તારીખ ૧૫ માર્ચ ૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકા અને યુરોપીયન યુનીયનના ઈન્ટરનેશનલ અર્બન કો–ઓપરેશન પ્રોગ્રામ અંતર્ગત કરાર થયેલ છે. આ કરાર હેઠળ સુરત અને નેધરલેન્ડના રોટરડેમ શહેર વચ્ચે સસ્ટેનેબલ ગ્રોથ અંગે પાર્ટનરશીપ થયેલ છે. સુરત શહેરના મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, ડેપ્યુટી મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, શાસક પક્ષના નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા તથા કમિશ્નરશ્રી એમ. થેન્નારસન અને સીટી ઈજનેરશ્રી તથા અન્ય અધિકારીગણની હાજરીમાં યુરોપીયન યુનીયનના ભારતના પ્રતિનીધી શ્રી પીએરો રેમીટી સાથે કરાર થયેલ છે. જેના દ્વારા સુરત શહેરને આવતા બે વર્ષો સુધી ટેકનીકલ અને લોજીસ્ટીકલ સહાય પ્રાપ્ત થનાર છે. તથા વિશ્વની અન્ય સંસ્થાઓના અનુભવ અને જ્ઞાનનો લાભ મળશે. સાથે સાથે વિવિધ પ્રવૃતિઓ અને ટ્રેનીંગનો પણ સુરતને લાભ મળશે.

યુરોપના સૌથી મોટા બંદર એવા રોટરડેમ નેધરલેન્ડની મુખ્ય ગણાતી રહાઈન નદી કિનારે વસેલું શહેર છે. રોટરડેમ શહેરથી નજીકના અંતરે રહાઈન નદી "નોર્થ સી" દરિયામાં મળે છે. સમાન પ્રકારે તાપી નદીના છેવાડે આવેલ સુરત શહેર નજીકથી તાપી નદી અરબી સમુદ્રને મળે છે. વર્ષો અગાઉ રોટરડેમ શહેર સુરત શહેરની હાલની સ્થિતિ મુજબ નદીની ગંદકી તથા દરિયાના ખારા પાણીના પ્રવેશની ગંભીર સમસ્યાઓથી પીડાતું હતું. રોટરડેમ શહેર દ્વારા કરવામાં આવેલ અનેક તકનીકી ઉપાયો તેમજ કાર્યવાહીના ફળ સ્વરૂપે આજે રોટરડેમ શહેર આ બંને સમસ્યાઓથી મુક્ત થયું છે. જેથી રોટરડેમ દ્વારા અપનાવાયેલ કાર્યપધ્ધતિ તથા તેના અનુભવનો લાભ સુરત શહેરને મળે તો શહેરની હાલની મુખ્ય સમસ્યા એટલે કે "સુરત વોટર સીક્યોરીટી" નો હેતુ સિધ્ધ થઈ શકશે. આજ રોજ કરવામાં આવેલ કરારમાં મુખ્યત્વે નીચેના ત્રણ મુદ્દાઓનો સમાવેશ થાય છે, જે શહેરને લાંબાગાળા સુધી પાણીની સમસ્યાઓનો સફળતાપુર્વક સામનો કરવામાં વિશેષ મદદરૂપ થશે.

(૧) હયાત વિયર–કમ–કોઝવેની ઉપરવાસમાં ૮૫ કી.મી. સુધી તાપી નદી શુધ્ધીકરણ અને નવીનીકરણ.
(૨) સુરત શહેરમાં રૂંઢ ખાતે સુચિત નવા બીજો વિયર–કમ–કોઝવેનું નિર્માણ.
(૩) મીંઢોળા નદીમાં દરિયાના ખારા પાણીનું અતિક્રમણ અટકાવવાના ઉપાયો.

***

820

૧૫-૦૩-૨૮


IUC
Surat
Municipal

## :: પ્રેસનોટ ::

**"શ્રી જશવંત પચ્ચીગર સાયકલ–દોડ સ્પર્ધા"**

વિષય: "પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ, કુરુક્ષેત્ર જહાંગીરપુરા, સુરત" પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ–દોડ સ્પર્ધા"

"પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ, કુરુક્ષેત્ર જહાંગીરપુરા, સુરત" પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર દોડ અને સાયકલ સ્પર્ધા" અંતર્ગત **દોડ સ્પર્ધા** તા.૧૮/૦૩/૨૦૧૮ને રવિવારના રોજ સવારે તથા **સાયકલ સ્પર્ધા** તા.૧૯/૦૩/૨૦૧૮ને સોમવારના રોજ સવારે ૭.૦૦ કલાકે વી.આર.મોલની સામે, વાય જંકશન પાસેથી શરૂ કરી રઘુવીર બિઝનેસ પાર્ક થઈ ડી.એમ.ડી પાર્ટી પ્લોટ, સુરત–ડુમ્મસ રોડ, સુરત ખાતે યોજવામાં આવનાર છે. સાયકલ અને દોડ સ્પર્ધાના તમામ સ્પર્ધકોએ સવારે ૬.૩૦ કલાકે હાજરી પુરાવી બેચ મેળવી લેવાનો રહેશે.

તા.૧૮/૦૩/૨૦૧૮ને રવિવારના રોજ સવારે યોજાનાર દોડ સ્પર્ધામાં ૯ થી ૧૧ વર્ષના વિદ્યાર્થીઓની દોડ સ્પર્ધાનું અંતર ૨ કિ.મી., ૧૧ થી ૧૩ વર્ષના વિદ્યાર્થીઓની દોડનું અંતર ૪ કિ.મી. જ્યારે ૯ થી ૧૧ વર્ષના વિદ્યાર્થીનીઓની દોડ સ્પર્ધાનું અંતર ૧ કિ.મી. અને ૧૧ થી ૧૩ વર્ષના વિદ્યાર્થીનીઓની દોડનું અંતર ૩ કિ.મી.નું રહેશે. દોડ સ્પર્ધા પૂર્ણ થયા બાદ વિજેતાઓને રોકડ પુરસ્કાર, ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવશે.

તા.૧૯/૦૩/૨૦૧૮ને સોમવારના રોજ સવારે યોજાનાર સાયકલ સ્પર્ધામાં ૯ થી ૧૧ વર્ષના વિદ્યાર્થીઓની સાયકલ સ્પર્ધાનું અંતર ૬ કિ.મી., ૧૧ થી ૧૩ વર્ષના વિદ્યાર્થીઓની સાયકલ સ્પર્ધાનું અંતર ૧૦ કિ.મી. જ્યારે ૯ થી ૧૧ વર્ષના વિદ્યાર્થીનીઓની સાયકલ સ્પર્ધાનું અંતર ૪ કિ.મી. અને ૧૧ થી ૧૩ વર્ષના વિદ્યાર્થીનીઓની સાયકલ સ્પર્ધાનું અંતર ૮ કિ.મી.નું રહેશે. સાયકલ સ્પર્ધા પૂર્ણ થયા બાદ વિજેતાઓને રોકડ પુરસ્કાર, ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવશે. સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓ તથા પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રીઓની ઉપસ્થિતિમાં યોજાનાર આ બન્ને સ્પર્ધાઓના પ્રસ્થાન અને ઈનામ વિતરણ સમારોહમાં ઉપસ્થિત રહી સ્પર્ધક બાળકોને પ્રોત્સાહિત કરવા સુરત મહાનગરપાલિકા અપીલ કરે છે.

સમાચારયાદી નં. 821 , તા૧૬/૦૩/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૦૯/૦૩/૨૦૧૮ થી તા.૧૫/૦૩/૨૦૧૮ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૨૯૬૨ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૭૭ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૬૦ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૨ |
| ૫ | માયનોર ઓપરેશન | ૨૯ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૦૭ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં..822..........
તા.૧૬/૦૩/૨૦૧૮

**<u>સુરત મહાનગર પાલિકા</u>**
**<u>વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી</u>**
**<u>અખબારી યાદી</u>**

**<u>સુરત મહાનગરપાલિકા દ્વારા મચ્છરજન્ય રોગ નિયંત્રણ અંતર્ગત કરવામાં આવેલ ખાડી સફાઈ,સ્ટોર્મ ડ્રેનેજ,ફોગીંગ જેવી વિવિધ કામગીરી ની પ્રેસનોટ</u>**

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે. રાંદેરઝોનમાં વધી રહેલ મચ્છરોનાં ઉપદ્રવના અનુસંધાને **<u>તા.૧૪/૦૩/૧૭ અને તા.૧૫/૦૩/૧૭</u>** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે સ્ટ્રોમડ્રેનેજ માં પાણીનાં ભરાવામાં દવા છંટકાવ, ફોગીંગ તથા સ્ટોર્મ ડ્રેનેજ જાળીયા પ્લાસ્ટીકશીટ વડે ઢાંકવા, ખાડીકિનારે માઈનોર એન્જી. કરાવી તેમાં દવા છંટકાવ કરાવવો,ખેતરોમાં ભરાયેલ પાણીનો નીકાલ કરાવવો, બંધિયાર પાણી ભરાવામાં દવા છંટકાવની કામગીરી કરવામાં આવેલ હતી. **૨ પોકલેન,૧ જેસીબી મશીન તેમજ સેન્ટ્રલઝોનની ૨,લિંબાયતઝોનની ૨ અને રાંદેર ઝોનની ૨૧ એન્ટીલાર્વલની ટીમ અને ૧૪૪ જેટલા બેલદારો ધ્વારા ખાડી તેમજ નદીકિનારે જળકુંભીનો નીકાલ કરાવી, ૨૭૦ લીટર એમ.એલ.ઓઈલ, ૭ લીટર વેકટોબેક તેમજ ૧૪ કિ.ગ્રા. જેટલી જંતુનાશક દવાનો છંટકાવ કરાવેલ છે.**

**<u>ખાડી સફાઈની કામગીરી</u>**–રાંદેર ઝોનમાં ડી–વીલા હોટલની પાછળ, ભાઠાગામ હળપતિવાસની પાછળની ખાડી, ભાઠાગામનું તળાવ, ગ્રીનસીટી થી મોનાર્કની પાછળની ખાડી, ઈડન સ્કવેર પાસેની બોક્ષ ખાડી, સ્તુતિ ઈમ્પેસની બાજુની ખાડી તથા આજુ બાજુનાં ખેતરો, ટ્રમ્પ પ્લાઝાની બાજુની ખાડી, ભાઠા ગામ હળપતિવાસ (પારધીવાડ), ભાઠા ગામ થી ઈચ્છાપોર જતી ખાડીમાં જે.સી.બી. ધ્વારા વનસ્પતિ કાઢવાની કામગીરી, ડે–વીલા રેસ્ટોરન્ટની પાછળ તેમજ ભુલકાવિહાર સ્કુલની પાછળ, ગૌરવ પથ ઈડન સ્કવેર (ફાયર સ્ટેશનની સામે) પાસેની બોક્ષ ખાડી, ઈચ્છાપોર નજીક પોકલેન મશીન ધ્વારા સાફ–સફાઈની કામગીરી, સુડા આવાસવાળી ખાડીઓમાં એન્ટીલાર્વલની કામગીરી કરાવવામાં આવી છે. ૨ પોકલેન,૧ જેસીબી મશીન તેમજ એન્ટીલાર્વલની ૨૫ ટીમ અને ૧૪૪ જેટલા બેલદારો ધ્વારા ખાડી તેમજ નદીકિનારે જળકુંભીનો નીકાલ કરાવી,જંતુનાશક દવાનો છંટકાવ કરાવેલ છે.

**<u>સ્ટોર્મ ડ્રેનેજમાં કામગીરી</u>**– રાંદેર ઝોનમાં ડી–માર્ટ પાસે જાળીયા, પવન પેલેસની સામેની સ્ટ્રોમ, સ્વામી મંદિરની બાજુની સ્ટ્રોમ, ગોથીક થી ટવીન ટાવર થી નક્ષત્ર એમ્બેસી થી ધોબીઘાટ, ફાયર સ્ટેશન થી ટાઈમ સ્કવેર થી શ્રી ભારતી, ટાઈમ સ્કવેર થી કલ્પવૃક્ષ ગાર્ડન, મોનાર્ક થી સીલ્વર સુમેરૂ લીકની સ્ટ્રોમ, ઉગતગામ બોટોનીકલગાર્ડન,સાઈડ એન્ડ સર્વિસ રોડ, એમ.વી. સર્કલ પાસે, દિનદયાળ ખોડીયાર કોમ્પ., નંદનવન સોસા., મનુસા ફેશન પાસે, એલ.પી.સવાણી સર્કલ પાસે, શિવ કેમ્પસ, મન મંદિર રો હાઉસના સ્ટ્રોમડ્રેનેજ જાળીયામાં કામગીરી કરવામાં આવેલ છે. આમ ૫૩ પાણીના ભરાવા વાળા જાળીયામાં જંતુનાશક દવાનો છંટકાવ કરાવો,૧૨૬ જાળીયામાં ફોગીંગ કરાવેલ તેમજ ૨૩૦ જેટલા જાળીયાને પ્લાસ્ટીક શીટ વડે ઢાકવામાં આવેલ છે.

**નદીકિનારેસફાઈની કામગીરી**–રાંદેર ઝોનમાં વિભાવીલા ફાર્મની પાછળ નદી કિનારાનો વિસ્તાર, જહાંગીરપુરા હરિઓમ આશ્રમ થી ચેક પોસ્ટ, ચેક પોસ્ટ થી વિવેકાનંદ કોલેજ, તાપી નદીનો કિનારો ૨૮ બેલદારો ની ટીમ દ્વારા નદી કિનારે વેજીટેશન સાફ સફાઈ કરવાની કામગરી કરવામાં આવી.

**ફોગીંગની કામગીરી**– તા.૧૪/૦૩/૧૭ અને તા.૧૫/૦૩/૧૯ ના રોજ રાંદેરઝોનમાં ૧૬ ફોગીંગ મશીનો દ્વારા કુલ ૯૮ વિસ્તારોમાં તેમજ ૩ જીપ માઉન્ટેડ ફોગીંગ મશીન થી ૯૯ જેટલી સોસાયટીઓમાં ફોગીંગની કામગીરી કરાવવામાં આવેલ છે.

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**
**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 823
તા. ૧૫-૦૩-૨૦૧૮

**સુરત મહાનગરપાલિકા**
**સ્વચ્છ ભારત મિશન**
**પ્રેસનોટ**

ભારત સરકારશ્રીના ક્ષેત્રીય પ્રચાર નિર્દેશાલય, સુરત તથા સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે શુક્રવારે તા.૧૬-૦૩-૨૦૧૮, સવારે ૧૦:૩૦ કલાકે કોસાડ HS કોમ્યુનીટી હોલ, કોસાડ આવાસ ખાતે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શેરી-નાટક, કવીઝ કોમ્પીટીશન કાર્યક્રમ યોજવામાં આવેલ. આયોજિત કાર્યક્રમમાં આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી અનિલભાઈ બિસ્કીટવાલા, શ્રીમતી ગીતાબેન સોસા,કોર્પોરેટર(કોસાડ-અમરોલી), શ્રી દેવજીભાઈ ગોપાણી, કોર્પોરેટર(કોસાડ-અમરોલી), ડો.હેમંત એસ. દેસાઈ, ડે.કમિશનરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિટલ), શ્રી રાજેશ પંડયા, ડે.કમિશનર અને ઝોનલ ચીફશ્રી(નોર્થ ઝોન), ડો.આશિષ કે. નાયક, આરોગ્ય અધિકારીશ્રી, ડો.કે.એ.શ્રોફ, ના.આરોગ્ય અધિકારીશ્રી(નોર્થ ઝોન), શ્રી મનિષ ગૌતમ, ડીરેકટર, ડાયરેકટરેટ ઓફ ફીલ્ડ પબ્લીસીટી-અમદાવાદ, શ્રી સંજય શાહ, પ્રમુખ, ક્ષેત્રીય પ્રચાર નિર્દેશાલય-સુરત કાર્યાલય, સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રી/અધિકારીશ્રીઓ તથા શહેરીજનો ઉપસ્થિત રહેલ હતા.

આયોજિત કાર્યક્રમની શરૂઆત મહાનુભાવો દ્વારા દીપ-પ્રાગટ્ય કરી કરવામાં આવી હતી. ડે.કમિશનરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિટલ) દ્વારા સ્વચ્છ ભારત મિશન અંગે ઉદબોધન કરી સ્વચ્છતા અંગે જનભાગીદારીનું મહત્વ જણાવ્યું હતું. આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી અનિલભાઈ બિસ્કીટવાલા દ્વારા પ્રાસંગિક પ્રવચન આપવામાં આવ્યું હતું. શ્રી મનિષ ગૌતમ, ડીરેકટર, ડાયરેકટરેટ ઓફ ફીલ્ડ પબ્લીસીટી-અમદાવાદ દ્વારા તેઓની સંસ્થા દ્વારા કરવામાં આવતી કામગીરી તથા વિવિધ વિભાગો અંગે માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોમાં સ્વચ્છતા અંગે જન-જાગૃતિ આવે તે માટે વાત્સલ્ય અરેના આર્ટસ, અમદાવાદના કલાકારો દ્વારા સ્વચ્છ ભારતની થીમ ઉપર નાટ્ય પ્રસ્તુતિ રજુ કરવામાં આવેલ હતી. કાર્યક્રમના અંતે સ્વચ્છ ભારત કવીઝ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવેલ જેમાં ૦૬ વિજેતા શહેરીજનોને ઉપસ્થિત મહાનુભાવોના વરદહસ્તે ઈનામ તથા પ્રશંસાપત્ર આપવામાં આવેલ.

::::::::::::::::::::::::::::::::::::::::

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.....8.2.4
તા.૧૬-૦૩-૨૦૧૮


भारत
2018
कार्यक्रम
मंत्रालय
सुरत


स्वच्छ
भारत
स्वच्छ
सर्वेक्षण
2018
विशेष जनसंपर्क कार्यक्रम
सूचना एवं प्रसारण मंत्रालय
क्षेत्रीय प्रचार कार्यालय - सुरत

# પ્રેસનોટ

એડી.સીટી ઈજનેરશ્રી(સીવીલ), સેન્ટ્રલ ઝોન તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીઓની સીધી સૂચના મુજબ તા.૧૫/૦૩/૨૦૧૮નાં રોજ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ તેમજ પાર્કિંગ દૂર કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૧) ૧૨/૨૨૧૧ અને ૨૨૧૨ વાળી સૈયદવાડા ખાતે આવેલ મિલ્કતમાં ગેરકાયદેસર પાર્કિંગમાં બનાવેલ ૨(બે) દુકાન દૂર કરી આશરે ૪૦૦ ચો.ફુટ જગ્યા ખુલ્લી કર્યુ.

(૨) ૪/૧૨૩,૧૨૫,૧૬૦,૧૬૧, ભઠ્ઠી શેરી, બેગમપુરા ખાતે આવેલ મિલ્કતમાં ગ્રાઉન્ડ ફ્લોર પર પાર્કિંગમાં બનાવેલ ચણતરની દિવાલ દૂર કરી આશરે ૬૦૦ ચો.ફુટ જગ્યા ખુલ્લી કરી. રૂ.૫૦,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ.

(૩) ૮/૪૯૯,૫૦૦, નવસારી બજાર ખાતે આવેલી મિલ્કતમાં ગેરકાયદેસર પાર્કિંગ તેમજ ૧ થી ૫ માળનું પ્રોજેકશન દૂર કરી ૫૪૦ ચો. ફુટ આર.સી.સી. સ્લેબ તેમજ ૧૨૦ ચો.ફુટ પાર્કિંગ ખુલ્લી કરી રૂ. ૫૦,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ.

(૪) ૨/૧૨૬૭, દેસાઈ શેરી, સગરામપુરા ખાતે આવેલ મિલ્કતમાં ૩૩૦ ચો.ફુટ આર.સી.સી સ્લેબ ૨૧૦ ચો.ફુટ ચણતર દિવાલ ખુલ્લી કરી ૧ થી ૫ માળનું પ્રોજેકશન દૂર કરી ૧૧૦ ચો.ફુટ પાર્કિંગમાં બાંધકામ દૂર કર્યુ.

વધુમાં, તા.૧૬/૦૩/૨૦૧૮ ના રોજ સેન્ટ્રલ ઝોનનાં વોર્ડ નં.૯ અને ૧૦ માં આવેલ ચૌટાબજારમાં સુરત મહાનગરપાલિકા તરફથી જાહેર રસ્તાઓ પર વારંવાર દબાણ હટાવવા છતાં દુકાનદારો / ફેરીયાઓ દ્વારા ફરીથી અનઅધિકૃત દબાણ કરવામાં આવતા હોવાથી આશરે ૧૦૦ જેટલા દુકાનધારકોને હવે પછી દબાણો ન થાય તે બાબતે શહેર વિકાસના સ્ટાફ ધ્વારા નોટીસો આપવામાં આવી.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 825
તા.૧૬/૦૩/૨૦૧૮

# <u>પ્રેસનોટ</u>

**<u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–**

સાઉથ ઝોન(ઉધના)ના કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના)ના સમાવિષ્ટ વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ. જેની વિગત નીચે મુજબ છે.

(૧) મોજે ઉધના, રે.સ.નં.૧૯૨/બી, ૧૯૩,૧૯૪,૧૯૫,૧૯૯,૨૦૦,૨૦૧,૨૦૨ પૈકી સબપ્લોટ નં.સી પૈકી પ્લોટ નં.જી–૫,૬ સીટી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ઉધના, સુરતવાળી મિલકતમાં મિલ્કતદારો ધ્વારા સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિરૂધ્ધ સ્થળ પર કરેલ બાંધકામ દૂર કરવા તાકીદ કરવામાં આવેલ. જેનો અમલ મિલ્કતદારો ધ્વારા કરવામાં ન આવતા **આજ તા.૧૬/૦૩/૨૦૧૮** ના રોજ આશરે ૮૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી.સ્લેબ નું બાંધકામ દૂર કરવામાં આવેલ છે તેમજ મિલ્કતદારો પાસેથી વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૦૦,૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે.

(૨) મોજે ઉધના, રે.સ.નં.૧૯૨/બી, ૧૯૩,૧૯૪,૧૯૫,૧૯૯,૨૦૦,૨૦૧,૨૦૨ પૈકી સબપ્લોટ નં.સી પૈકી પ્લોટ નં.એ૭–૧,૨ સીટી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ઉધના, સુરતવાળી મિલકતમાં મિલ્કતદારો ધ્વારા સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિરૂધ્ધ સ્થળ પર કરેલ બાંધકામ દૂર કરવા તાકીદ કરવામાં આવેલ. જેનો અમલ મિલ્કતદારો ધ્વારા કરવામાં ન આવતા **આજ તા.૧૬/૦૩/૨૦૧૮** ના રોજ આશરે ૩૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી.સ્લેબનું તથા ૫૭૦ ચો.ફુટ માપ વિસ્તારમાંથી ચણતરની દિવાલોનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે તેમજ મિલ્કતદારો પાસેથી વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૦૦,૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે.

(૩) મોજે ઉધના, રે.સ.નં.૧૯૨/બી, ૧૯૩,૧૯૪,૧૯૫,૧૯૯,૨૦૦,૨૦૧,૨૦૨ પૈકી સબપ્લોટ નં.સી પૈકી પ્લોટ નં.જે–૧૮,૧૯ સીટી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ઉધના, સુરતવાળી મિલકતમાં મિલ્કતદારો ધ્વારા સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિરૂધ્ધ સ્થળ પર કરેલ બાંધકામ દૂર કરવા તાકીદ કરવામાં આવેલ. જેનો અમલ મિલ્કતદારો ધ્વારા કરવામાં ન આવતા **આજ તા.૧૬/૦૩/૨૦૧૮** ના રોજ આશરે ૧૨૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી.સ્લેબનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે તેમજ મિલ્કતદારો પાસેથી વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૦૦,૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ..826............

# પ્રે સ નો ટ

આરોગ્ય સમિતિનાં ચેરમેનશ્રીને મળેલ ફરિયાદના આધારે ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરશ્રી તથા આરોગ્ય અધિકારીશ્રીની સુચના અને સીધા માર્ગદર્શન હેઠળ અત્રેના ફુડ સેફટી ઓફિસરો ધ્વારા તા.૧૭/૦૩/૨૦૧૮ નાં રોજ નીચે જણાવેલ સ્થળે આવેલ પેકેજડ ડ્રીકીંગ વોટરનું ગ્રાહકોને વેચાણ અર્થે ઉત્પાદન કરતી સંસ્થાઓની તપાસણી કરતાં ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ ૨૦૦૬ ના પરવાના તથા બી.આઈ.એસ. સર્ટીફિકેટ રજૂ ન કરતાં તથા આરોગ્યલક્ષી ખામીઓ જણાતાં સંસ્થાઓ બંધ કરાવવામાં આવેલ છે.

| અ.ન. | સંસ્થાનું નામ | સંસ્થાનું સરનામુ |
|---|---|---|
| ૧. | ઉમા બેવરેજીસ | ૧૮૪,સહજાનંદ સોસાયટી,સાંઈ શકિત સોસાયટીની બાજૂમાં,ડીંડોલી,સુરત. |
| ૨. | દેવ એકવા વોટર | પ્લોટ નં. ૨૭૨,શ્રી હરી નગર સી.આર.પાટીલ રોડ,ડીંડોલી નં.,સુરત. |
| ૩. | એસ.પી.વોટર | પ્લોટ નં.૪૮૪,મહાદેવ નગર–૧,ડીંડોલી,સુરત. |
| ૪. | સુમિત વોટર | ઈ–૧,૨,૩,પટેલ નગર,ગોડાદરા,સુરત. |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં....827..........
તા.૧૭/૦૩/૨૦૧૮

## સુરત મહાનગર પાલિકા
## વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી
## અખબારી યાદી

**રાંદેરઝોનના પાલ, પાલનપુર,પાલનપુર વિસ્તારમાં વધી રહેલ મચ્છરોનાં ઉપદ્રવના અનુસંધાન કરવામાં આવેલ ખાડી સફાઈ,સ્ટોર્મ ડ્રેનેજ,ફોગીંગ જેવી વિવિધ કામગીરી ની પ્રેસનોટ**

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે. રાંદેરઝોનમાં વધી રહેલ મચ્છરોનાં ઉપદ્રવના અનુસંધાને <u>તા.૧૬/૦૩/૧૮</u> ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે સ્ટ્રોમડ્રેનેજ માં પાણીનાં ભરાવામાં દવા છંટકાવ, ફોગીંગ તથા સ્ટોર્મ ડ્રેનેજ જાળીયા પ્લાસ્ટીકશીટ વડે ઢાંકવા, ખાડીકિનારે માઈનોર એન્જી. કરાવી તેમાં દવા છંટકાવ કરાવવો,ખેતરોમાં ભરાયેલ પાણીનો નીકાલ કરાવવો, બંધિયાર પાણી ભરાવામાં દવા છંટકાવની કામગીરી કરવામાં આવેલ હતી. **૧ પોકલેન,૧ જેસીબી મશીન તેમજ સેન્ટ્રલઝોનની ૨,લિંબાયતઝોનની ૨ અને રાંદેર ઝોનની ૧૪ એન્ટીલાર્વલની ટીમ અને ૭૭ જેટલા બેલદારો ધ્વારા ખાડી તેમજ નદીકિનારે જળકુંભીનો નીકાલ કરાવી, ૧૮૦ લીટર એમ.એલ.ઓઈલ તેમજ ૩ કિ.ગ્રા. બેકટીસાઈડ જંતુનાશક દવાનો છંટકાવ કરાવેલ છે.**

**<u>ખાડી સફાઈની કામગીરી</u>**–રાંદેર ઝોનમાં ડી–વીલા રેસ્ટોરન્ટની આગળ ખાડી તેમજ પાછળના ભાગે પાણી ભરાવો માં એન્ટીલાર્વલ કામગીરી કરી દવા છંટકાવ, ભાઠા ગામ હળપતિવાસ સાંઈબાબા મંદિરની સામે ખાડીમાં જે.સી.બી.મશીન ધ્વારા જળકુંભી/વનસ્પતિ કાઢવાની કામગીરી, ગ્રીનસીટીની બાજુમાં કેનાલમાં,પાલણપોર થી ઈચ્છાપોર જતી બોક્ષ ખાડીમાં પોકલેન મશીન ધ્વારા જળકુંભી દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ,સ્તુતિ ઈમ્પ્રેસની પાછળ ભેંસાણ ગામના ખેતરોમાં પાણીના ભરાવામાં જંતુનાશક દવા છંટકાવની કામગીરી, રાંદેર, જહાંગીરપુરા, ઉગત કેનાલ ના પાછળના ગ્રામ પંચાયત ખેતરોમાં એન્ટી–લાર્વલ કામગીરી હાથ ધરવામાં આવેલ. ૧ પોકલેન,૧ જેસીબી મશીન તેમજ એન્ટીલાર્વલની ૧૪ ટીમ અને ૭૭ જેટલા બેલદારો ધ્વારા સફાઈ, સ્ટ્રોમવોટરનાં જાળીયાને પેક કરવાની તથા તેમા ધુમ્રશેર કરવાની તેમજ જંતુનાશક દવા છંટકાવની કામગીરી કરાવી.

**<u>સ્ટોર્મ ડ્રેનેજમાં કામગીરી</u>**– રાંદેર ઝોનમાં પાલ, પાલણપોરગામ, રાંદેર, જહાંગીરપુરા, ઝોન ઓફીસ, આનંદમહલ રોડ, તેમજ હની પાર્ક રોડ વિસ્તારમાં ઈનલેટ ચેમ્બરો/મેઈનહોલ ખોલી જંતુનાશક દવા/એમ.એલ.ઓઈલ નો છંટકાવ કરાવવાની કામગીરી કરવામાં આવેલ છે. આમ ૩૮ પાણીના ભરાવા વાળા જાળીયામાં જંતુનાશક દવાનો છંટકાવ કરાવો,૧૩૪ જાળીયામાં ફોગીંગ કરાવેલ તેમજ ૨૦૩ જેટલા જાળીયાને પ્લાસ્ટીક શીટ વડે ઢાકવામાં આવેલ છે.

**<u>ફોગીંગની કામગીરી</u>**– <u>તા.૧૫/૦૩/૧૮</u> ના રોજ રાંદેરઝોનમાં ૨૬ ફોગીંગ મશીનો દ્વારા કુલ ૪૭ વિસ્તારોમાં તેમજ ૩ જીપ માઉન્ટેડ ફોગીંગ મશીન થી ૪૩ જેટલી સોસાયટીઓમાં ફોગીંગની કામગીરી કરાવવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
828
તા.૧૭-૦૩-૨૦૧૮

# સુરત મહાનગરપાલિકા
## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન
## અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૧૭/૦૩/૧૮ ના રોજ નીચે મુજબની ડીમોલીશનની કામગીરી કરવામાં આવેલ છે.

- અણુવ્રત દ્વાર થી જી.ડી.ગોએન્કા સ્કુલ તરફ જતા રસ્તાને લાગુ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૫ (વેસુ–ભરથાણા–અલથાણ)માં બ્લોક નં.૧૧૯/બી, ઓ.પી.નં.૧૨ વાળી "સેલેબલ ફોર રેસીડેન્શીયલ"ના હેતુસરના રીઝર્વેશનના આર–૧૫ તરીકે ફાળવવામાં આવેલ જમીન માલિક દ્વારા કાર ગેરેજ, ફુડકોર્ટ, માર્બલના વેચાણના હેતુસર લોખંડની એંગલો, ગર્ડરો ઉભા કરી બનાવવામાં આવેલ પતરાના શેડને દૂર કરવા મિલ્કત સંબંધિતોને અઠવા ઝોન કચેરી દ્વારા અગાઉ લેખિતમાં નોટીસ આપવામાં આવેલ હતી તેમજ અગાઉ તા.૨૦/૦૬/૨૦૧૭ તથા તા.૨૧/૧૨/૨૦૧૭ ના રોજ ડીમોલીશન પણ કરવામાં આવેલ. સદર બાબતે મિલ્કતદારે તા.૨૧/૧૨/૨૦૧૭ ના રોજ મિલ્કતનું બાકી રહેલ શેડ સહિતનું તમામ બાંધકામ દિન–૧૫(પંદર)માં જાતે દૂર કરવાની લેખિત બાંહેધરી પણ આપેલ. જેનો અમલ નહી કરતા આજરોજ અંદાજે ૧૨૫૦૦ ચો.ફુટ.માપ વિસ્તારમાં ઉપરોકત મુજબના પતરાના શેડનું ગેરકાયદેસરનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે. જે મુજબ પ્રશ્નવાળી જગ્યાને લાગુ ૬૦.૦૦ મી.ના કેનાલ રોડ પર પાર્ક થતા વાહનોનું ન્યુસન્સ પણ દૂર થયેલ છે.
- ટી.પી.સ્કીમ નં.૧(વેસુ), ફા.પ્લોટ નં.૪૪ સ્વામી ગુણાતીતનગર સોસાયટીના કોમન પ્લોટમાં કોમ્યુનીટી હોલના હેતુસરના ગ્રાઉન્ડ ફ્લોરના બાંધકામના મંજુર થયેલ પ્લાન વિરૂધ્ધ સોસાયટી દ્વારા પ્રથમ માળનું બાંધકામ શરૂ કરતા અત્રેથી સોસાયટીને નોટીસ આપી આજરોજ આશરે ૨૭૫ ચો.ફુટનું ઉકત મુજબનું સ્લેબ, ચણતર સહિતનું ગેરકાયદેસર બાંધકામ દૂર કરેલ છે.

ઉપરોકત કામગીરી એડી.સીટી ઈજનેરશ્રી(સીવીલ)ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન શહેર વિકાસ સ્ટાફ તથા દબાણ સ્ટાફ દ્વારા અત્રેના સીકયોરીટી સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં....829.......
તા.૧૭/૦૩/૨૦૧૮

D:\DIPESH-2017\Premote 1doc.doc

**<u>સુરત મહાનગરપાલિકા</u>**
**પ્રેસનોટ**

નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી, નવી દિલ્હીના સભ્ય લેફ.જનરલ એન.સી. મારવાહની સુરત ખાતેની મુલાકાત દરમ્યાન તેઓ સાથેની તા.૧૭/૦૩/૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી ખાતે યોજવામાં આવેલ મીટીંગમાં કલેકટરશ્રી–સુરત જિલ્લા, ડે.કમિશનરશ્રી(ડેપ્યુટેશન)–સુરત મહાનગરપાલિકા, તમામ ડે.કમિશનરશ્રીઓ, તમામ એડી.સીટી ઈજનેરશ્રીઓ, એડવાઈઝરશ્રી–સુરત મહાનગરપાલિકા તથા ડે.કલેકટરશ્રી, જિલ્લા પોલીસ કમિશનરશ્રી–સુરત શહેર, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી–સુરત ગ્રામ્ય, જિલ્લા વિકાસ અધિકારીશ્રી–જિલ્લા પંચાયત, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી–જિલ્લા પંચાયત, નાયબ કલેકટરશ્રી–તમામ પ્રાંત, કાર્યપાલક ઈજનેરશ્રી–માર્ગ અને મકાન વિભાગ–૧, ચીફ ફાયર ઓફિસરશ્રી–સુ.મ.પા., સંયુકત માહિતી નિયામકશ્રી, સંયુકત નિયામકશ્રી–ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, જનરલ મેનેજરશ્રી–ગુજરાત મેરીટાઈમ બોર્ડ, અધિક ઈજનેરશ્રી–સુરત સિંચાઈ વર્તુળ, જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી, મેનેજરશ્રી–એસ્સાર કંપની, મેનેજરશ્રી–ક્રિભકો કંપની, મેનેજરશ્રી–ઓએનજીસી, ચીફ ઓફિસરશ્રી–હજીરા નોટીફાઈડ એરીયા, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ–સુરત, નાયબ મામલતદાર–ડીઝાસ્ટર, ડી.પી.ઓ.–સુરત, તથા મામલતદાર–મજુરા વિગેરેના પ્રતિનિધિઓ હાજર રહયા હતા.

મીટીંગ દરમ્યાન વીતેલા વર્ષો દરમ્યાન ડીઝાસ્ટરના પૂર્વ તૈયારીના ભાગરૂપ તૈયાર કરવામાં આવેલ પ્રેઝન્ટેશન ડે.કમિશનરશ્રી(ઢી), એડવાઈઝર શ્રી જતીન શાહ ધ્વારા કરવામાં આવ્યું. જેમાં શહેરમાં સતત વરસાદ, ખાડી પુર તથા ઉકાઈ જળાશયમાંથી છોડવામાં આવતા પાણીના વિપુલ જથ્થાના સંજોગોમાં પુર જેવી પરિસ્થિતિ સર્જાય તેને પહોંચી વળવા સંદર્ભે મહાનગરપાલિકા, કલેકટર કચેરી, ઈરીગેશન વિભાગ તથા રાજય સરકારના વિભાગો સાથે કો–ઓર્ડીનેટ કરી પ્રિપેર્ડનેસ પ્લાન તૈયાર કરવામાં આવે છે.

તમામ ઝોન લેવલે પણ સ્વૈચ્છિક સંસ્થાઓ / મ્યુનિ.સભ્યશ્રીઓ તથા ઝોન અધિકારીઓની એક સંકલન મીટીંગનું આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષ પણ આવા સંજોગોમાં મહાનગરપાલિકાના સંબંધિત અધિકારી / કર્મચારીઓની શું ભૂમિકા હશે /શું કામગીરી કરશે, તે અંગેની નિશ્ચિત કરવામાં આવેલ વિગતો, ફલડ ગેટ, વાહન મશીનરીઓ, જનરેટર સેટ વિગેરેનાં સર્વિસીંગ / મેઈન્ટેનન્સ તથા ઓપરેશનની કામગીરી, ઝોન કક્ષાએ ઝોન વાર / વોર્ડવાર તૈયાર કરવામાં આવેલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તથા તે અંગે મહાનગરપાલિકાના સ્ટાફ, વોલન્ટીયર્સ, કાર્યકરો વિગેરેને આપવામાં આવેલ જાણકારી / તાલીમ ઉપરાંત નીચાણવાળા વિસ્તાર, રાહત કેન્દ્ર વધારાની જરૂરીયાત તેમજ હેવી વ્હીકલ / મશીનરી પુરી પાડનાર સંસ્થાની યાદી તૈયાર કરવા સહીતનું આયોજન / વ્યવસ્થા કરવામાં આવી છે તેમજ પ્રતિવર્ષ આવી પરિસ્થિતિને પહોંચી વળવા તમામ સ્વૈચ્છિક સંસ્થાઓ / સરકારી વિભાગોનો સાથ–સહકાર મેળવવામાં આવે છે.

શહેરના જુદા જુદા વિસ્તારમાં ઓટોમેટીક વેધર સ્ટેશન ઉભા કરવામાં આવ્યા છે, જેના કારણે શહેરમાં કયાં કેટલો વરસાદ પડયો છે, વિગેરે જાણકારી નાગરિકોને મળી શકે તેમજ ઉકાઈ જળાશય ખાતે ચોમાસાના આરંભ થી પૂર્ણ થાય ત્યાં સુધી કેટલા લેવલે પાણીનો સંગ્રહ રાખવામાં આવનાર છે, તેના મોનીટરીંગની પણ વ્યવસ્થા કરવામાં આવે છે.

પ્રતિવર્ષ ચોમાસા દરમ્યાન ખાડીપુર/ નદીપુર વહીવટીતંત્ર/ નાગરિકોમાં એક ચિંતાનો વિષય હોય છે, પરંતુ વહીવટી તંત્ર ધ્વારા આપત્તિજનક પરિસ્થિતિને પહોંચી વળવા આગોતરૂ આયોજન હાથ ધરવા ઉપરાંત સુરત શહેરનાં નાગરિકો તેમજ સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓનો સેવા/ સહાય માં જરૂરી સહકાર/ મદદ મેળવી આપત્તિજનક પરિસ્થિતિના સંજોગોમાં સુરત શહેરનું જાહેર જીવન રાબેતા મુજબ કાર્યરત કરવાની પ્રતિબદ્ધતા છે.

વધુમાં તાકીદની પરિસ્થિતિ દરમ્યાન વહીવટીતંત્ર સાથે સુરત શહેરના નાગરિક / સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ જોડાઈ એક સાથે મળી કામ કરીશું તો યોગ્ય આયોજનબદ્ધ કામગીરી થઈ શકે. ઉપરાંત સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી તથા તમામ ઝોન કચેરી ખાતે કાર્યરત કરવામાં આવનાર કંટ્રોલ રૂમ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપરથી પણ સ્વૈચ્છિક સંસ્થાઓ/ સુરત શહેરનાં નાગરિકો માહિતી મેળવી શકશે

લેફટ.જનરલ, શ્રી એન.સી.મારવાહ સાહેબ ધ્વારા સુરત મહાનગરપાલિકાની તાકીદના સમયેની પૂર્વ તૈયારી ભાગરૂપ હાથ ધરવામાં આવેલ કાર્યવાહી બાબતેની જાણકારી મેળવી તેઓ ધ્વારા જરૂરી પ્રતિભાવ રજુ કરવામાં આવ્યો. તેમજ જરૂરી સલાહ / સુચન આપ્યા તથા ડીઝાસ્ટરના ભાગરૂપ કુદરતી કે માનવસર્જિત આફતો અંતર્ગત જાણકારી મળી રહે તેવા વિવિધ સપ્તાહનું આયોજન કરવા જણાવ્યું. તેમજ તેઓ ધ્વારા પૂર્વ પ્લાનીંગ તેમજ મોનીટરીંગ બાબતે સુરત મહાનગરપાલિકાની સરાહના કરવામાં આવી અને જરૂર પડયે એન.ડી.એમ.એ. ધ્વારા પુરતો સહકાર મળી રહેશે તેમ જણાવ્યું.

*****

અખબારયાદી નં. ૮૩૦
તા.૧૭/૦૩/૨૦૧૮
જનસંપર્ક વિભાગ



:: પ્રેસનોટ ::

## "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ સ્પર્ધા"

વિષય : તા.૧૯/૦૩/૨૦૧૮ને સોમવારના રોજ વી.આર.મોલની સામે વાય જંકશન પાસે યોજાયેલ "પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત" અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ સ્પર્ધા"

પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ સ્પર્ધા" તા.૧૯/૦૩/૨૦૧૮ને સોમવારના રોજ સવારે ૭.૦૦ કલાકે વી.આર.મોલની સામે વાય જંકશન પાસે, સુરત–ડુમસ રોડ ખાતે યોજવામાં આવી હતી. કિશોર અને કિશોરીઓના ૯ થી ૧૧ અને ૧૧ થી ૧૩ વર્ષની વયગ્રુપ મળી કુલ ૪(ચાર) વિભાગમાં યોજવામાં આવી હતી. જેમાં ૯ થી ૧૧ વર્ષના વિદ્યાર્થીઓની સાયકલ સ્પર્ધાનું અંતર ૬ કિ.મી., ૧૧ થી ૧૩ વર્ષના વિદ્યાર્થીઓની સાયકલ સ્પર્ધાનું અંતર ૧૦ કિ.મી. જ્યારે ૯ થી ૧૧ વર્ષના વિદ્યાર્થીનીઓની સાયકલ સ્પર્ધાનું અંતર ૪ કિ.મી. અને ૧૧ થી ૧૩ વર્ષના વિદ્યાર્થીનીઓની સાયકલ સ્પર્ધાનું અંતર ૮ કિ.મી. રાખવામાં આવ્યું હતું.

બાળકો અને કિશોર–કિશોરીઓમાં સાહસવૃત્તિ વિકસે, બહાદુરી પ્રગટે અને સ્પોર્ટ્સ અભિમુખતા પાંગરે, તેમાં વધારે રસ–રૂચિ કેળવતા થાય તેવા હેતુથી યોજાતી આ સ્પર્ધાનો શુભારંભ તા.૧૯મી માર્ચ ૨૦૧૮ને સોમવારની સુવર્ણમયી સવારે સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી રૂપલબેન શાહ, આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી અનિલભાઈ બિસ્કીટવાલા, સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિ અધ્યક્ષા શ્રીમતી રમીલાબેન પટેલ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રી કનૈયાલાલ છત્રપતિ, શ્રી સન્મુખભાઈ જીનવાલા, શ્રી મહેન્દ્રભાઈ લાપસીવાલા, શ્રી જશવંત પચ્ચીગરના સુપુત્ર શ્રી કલ્પેશભાઈ પચ્ચીગર અને અન્ય ઉપસ્થિત મહાનુભાવો તથા અધિકારીશ્રીઓએ ઝંડી ફરકાવી તમામ ગ્રુપમાં સાયકલ સ્પર્ધાનો શુભારંભ કરાવ્યો હતો. ચાર ગ્રુપમાં યોજાયેલ સાયકલ સ્પર્ધામાં નીચે મુજબના સ્પર્ધકો વિજેતા જાહર થયા હતા.

<u>**સાયકલ સ્પર્ધા**</u>

| વિજેતા ક્રમ | છોકરાઓ | | છોકરીઓ | |
|---|---|---|---|---|
| | અ<br>૯ થી ૧૧ વર્ષ | બ<br>૧૧ થી ૧૩ વર્ષ | ક<br>૯ થી ૧૧ વર્ષ | ડ<br>૧૧ થી ૧૩ વર્ષ |
| પ્રથમ | રજત કે.સારંગ | અજય કે.ગુપ્તા | દિવ્યાંશી એમ.સેલર | હર્ષિની રેડ્ડી |
| દ્વિતિય | નમ્ર રાહુલ પટેલ | મનન વી.દેસાઈ | ક્યારા એસ.જૈન | મહેક ડી.ચોપરા |
| તૃતિય | રૂદ્દ્ર ટી. ખલાસી | તુરાબ જુનેદ વાડીવાલા | મિતાલી બી.પટેલ | ફૈરી મિતેશ શેઠ |
| આશ્વાસન | ક્રિશીવ એચ. પટેલ | નીલ અજય સારંગ | કાવ્યા જે. પીપલીયા | વિભૂતિ આર.પટેલ |

"શ્રી જશવંત પચ્ચીગર સાયકલ સ્પર્ધા"ના વિજેતાઓને માન.મેયરશ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી રૂપલબેન શાહ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રીઓના વરદહસ્તે વિજેતા પ્રમાણપત્ર, ટ્રોફી, રોકડ પુરસ્કાર તથા "પૂ.શ્રીમોટાનો ફોટો" "કેલેન્ડર", "ચિત્રકથા" અને "તરણામાંથી મેરૂ" પુસ્તક એનાયત કરી સન્માનીત કરવામાં આવ્યા હતા. સાયકલ સ્પર્ધામાં ૧૦૦ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લઈ સ્પર્ધાનું અંતર પુરૂં કર્યુ હતું. ભાગ લીધેલ તમામ સ્પર્ધકોને સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રમાણપત્ર તથા સ્મૃતિભેટ અને પૂ.શ્રીમોટા હરિઃૐ આશ્રમ દ્વારા પુ.શ્રીમોટાના પુસ્તકો આપવામાં આવ્યા હતા. સાયકલ અને દોડ સ્પર્ધામાં સુરત મહાનગરપાલિકા તરફથી એનર્જી ડ્રીંક્સ, પાણી, મેડીકલ ટીમ, ફાયર, સિક્યુરીટી અને ટ્રાફિક વિભાગના સ્ટાફ, મોબાઈલ ટોઈલેટ વાન જેવી તમામ વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમનાં નામ સાથે આ સ્પર્ધા જોડાયેલી છે એવા શ્રી જશવંતભાઈ પચ્ચીગરના પુત્રશ્રી કલ્પેશભાઈ પચ્ચીગર તરફથી દુધ અને બિસ્કીટ આપવામાં આવ્યાં હતાં. આ સાયકલ અને દોડ સ્પર્ધામાં સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, શિક્ષકો, વાલીઓ અને રમતપ્રેમી નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

સમાચારયાદી 831, તા.૧૯/૦૩/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.





તા.૧૯/૦૩/૨૦૧૮ના રોજ વાય જંક્શન, ઉધના–મગદલ્લા રોડ ખાતે યોજાયેલ 'પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત' અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ સ્પર્ધા"ના વિજેતાઓને ટ્રોફી, પ્રમાણપત્ર, રોકડ પુરસ્કાર એનાયત કરી પુરસ્કૃત કરતા માન.મેયરશ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, અન્ય મહાનુભાવો તથા સ્પર્ધામાં ભાગ લઈ રહેલા બાળકો દ્રશ્યમાન છે.

સુરત મહાનગર પાલિકા

વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી


# અખબારી યાદી

## રાંદેરઝોનના પાલ, પાલનપુર,પાલનપુર વિસ્તારમાં વધી રહેલ મચ્છરોનાં ઉપદ્રવના અનુસંધાન કરવામાં આવેલ ખાડી સફાઈ,સ્ટોર્મ ડ્રેનેજ,ફોગીંગ જેવી વિવિધ કામગીરી ની પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે. રાંદેરઝોનમાં વધી રહેલ મચ્છરોનાં ઉપદ્રવના અનુસંધાને <u>તા.૧૭/૦૩/૧૮</u> ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે સ્ટ્રોમડ્રેનેજ માં પાણીનાં ભરાવામાં દવા છંટકાવ, ફોગીંગ તથા સ્ટોર્મ ડ્રેનેજ જાળીયા પ્લાસ્ટીકશીટ વડે ઢાંકવા, ખાડીકિનારે માઈનોર એન્જી. કરાવી તેમાં દવા છંટકાવ કરાવવો,ખેતરોમાં ભરાયેલ પાણીનો નીકાલ કરાવવો, બંધિયાર પાણી ભરાવામાં દવા છંટકાવની કામગીરી કરવામાં આવેલ હતી. **૧ પોકલેન,૧ જેસીબી મશીન તેમજ સેન્ટ્રલઝોનની ૨,લિંબાયતઝોનની ૨ અને રાંદેર ઝોનની ૦૮ એન્ટીલાર્વલની ટીમ અને ૫૫ જેટલા બેલદારો ધ્વારા ખાડી તેમજ નદીકિનારે જળકુંભીનો નીકાલ કરાવી, ૧૮૩ લીટર એમ.એલ.ઓઈલ તેમજ ૨ કિ.ગ્રા. બેકટીસાઈડ જંતુનાશક દવાનો છંટકાવ કરાવેલ છે.**

<u>ખાડી સફાઈની કામગીરી–</u>રાંદેર ઝોનમાં ગ્રીનસીટીની પાછળ કેનાલમાં એન્ટી–લાર્વલ સાથે જળકુંભી દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ,પાલણપોર થી ઈચ્છાપોર જતી બોક્ષ ડ્રેઈનમાં બેલદારો મારફતે એમ.એલ.ઓઈલનો છંટકાવ કરાવવામાં આવેલ તેમજ પોકલેન મશીન ધ્વારા સદર વિસ્તારમાં જળકુંભી કાઢવામાં આવેલ,સ્તુતિ ઈમ્પ્રેસની પાછળ ખેતરોમાં (ભેંસાણ) વિસ્તારમાં બેકટીસાઈડ દવાનો ઉપયોગ કરી ભેંસાણ ગામના ખેતરોમાં કામગીરી કરવામાં આવેલ,સરોલી જકાતનાકા થી વૈષ્ણદેવી હાઈટસ વિસ્તારમાં આવેલ ડાંગરના ખેતરોમાં એન્ટી–લાર્વલ કામગીરી હાથ ધરવામાં આવેલ, ભાઠાગામ સાંઈબાબા મંદિરની પાછળ હળપતિવાસમાં જે.સી.બી. ધ્વારા જળકુંભી/વનસ્પતિ દુર કરવામાં આવેલ. ૧ પોકલેન,૧ જેસીબી મશીન તેમજ એન્ટીલાર્વલની ૦૮ ટીમ અને ૫૫ જેટલા બેલદારો ધ્વારા સફાઈ, સ્ટ્રોમવોટરનાં જાળીયાને પેક કરવાની તથા તેમા ધુમ્રશેર કરવાની તેમજ જંતુનાશક દવા છંટકાવની કામગીરી કરાવી.

<u>સ્ટોર્મ ડ્રેનેજમાં કામગીરી</u>– રાંદેર ઝોનમાં ઈ.ડ.એસ.આવાસ ક્રોમા પાછળ, સંજીવકુમાર ઓડીટોરીયમ, વેસ્ટન એરીના, વેસ્ટર્ન શીખર, ગાર્ડન રેસી., ગોગા મહારાજ, તેમજ કોઝવે રોડ વિગેર વિસ્તારમાં ઈનલેટ ચેમ્બરો/મેઈનહોલ ખોલી જંતુનાશક દવા/એમ.એલ.ઓઈલ નો છંટકાવ કરાવવાની કામગીરી કરવામાં આવેલ છે. આમ ૩૨ પાણીના ભરાવા વાળા જાળીયામાં જંતુનાશક દવાનો છંટકાવ કરાવો, ૨૫ જાળીયામાં ફોગીંગ કરાવેલ તેમજ ૧૫૨ જેટલા જાળીયાને પ્લાસ્ટીક શીટ વડે ઢાકવામાં આવેલ છે.

<u>ફોગીંગની કામગીરી–</u> <u>તા.૧૬/૦૩/૧૮</u> ના રોજ રાંદેરઝોનમાં ૨૬ ફોગીંગ મશીનો દ્વારા કુલ ૪૬ વિસ્તારોમાં તેમજ ૩ જીપ માઉન્ટેડ ફોગીંગ મશીન થી ૫૦ જેટલી સોસાયટીઓમાં ફોગીંગની કામગીરી કરાવવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર સેવા સદન ... સાદર

અખબારી યાદી નં. 832

તા. ૧૯-૦૩-૨૦૧૮

તા.૧૯/૦૩/૨૦૧૮

# <u>પ્રેસ નોટ</u>

મ્યુનિ. કમિશ્નરશ્રીનાં આદેશાનુસાર સુરત મહાનગરપાલિકાના રાંદેર ઝોન – આકારણી અને વસુલાત વિભાગ દ્વારા રાંદેર, પાલ, પાલનપુર, અડાજણ, જહાંગીરાબાદ વિગેરે વિસ્તારમાં સઘન ઝુંબેશ હાથ ધરી વેરો ભરપાઇ નહી કરનાર મિલકતોને સીલ કરવાની અને મિલકતો ટાંચમાં લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે અંતર્ગત પ્રથમ તબક્કામાં ૩૧ ખુલ્લા પ્લોટ ટાંચમાં લઈ બોર્ડ પ્રદર્શિત કરેલ અને ૨૩ મિલ્કતોને સીલ મારવાની કાર્યવાહી કર્યા બાદ સતત આ કામગીરી ચાલુ રહેલ જેમાં બીજા તબક્કામાં ફેબ્રુઆરી માસથી આજદિન સુધી કુલ ૬૭ જેટલા ખુલ્લા પ્લોટ ટાંચમાં લઈ બોર્ડ પ્રદર્શિત કરવામાં આવેલ છે. જેમાં જહાંગીરાબાદ વિસ્તારમાં આવેલ ગંગાનગર સોસાયટી, પટેલ નગર, નંદનવન રો–હાઉસ, વિગેરે જુદી–જુદી જગ્યાએ ૩૧ પ્લોટ, રાંદેર વિસ્તારમાં બોરવાડા, વાકલ, અમલપુરી, વિગેરે જુદી–જુદી જગ્યાએ ૨૧ પ્લોટ, રામનગર વિસ્તારમાં રણછોડનગરમાં ૧૫ પ્લોટ ટાંચમાં લઈ બોર્ડ પ્રદર્શિત કરવામાં આવેલ છે. જે પૈકી ૨૭ પ્લોટની રૂા.૫,૫૩,૬૭૨/–ની વસુલાત થયેલ છે. અન્ય પ્લોટોની વસુલાતની કાર્યવાહી ચાલુ છે.

વધુમાં, જુદા–જુદા વિસ્તારમાં રહેણાંક તથા કોમર્શીયલ મિલ્કતોને સીલ કરવાની તથા નળ કનેકશન કાપવાની કાર્યવાહી હાથ ધરતાં <u>રામનગર વિસ્તારમાં સનટ્રેડ સેન્ટરમાં ૫૯ દુકાન, પાલનપોર વિસ્તારમાં સોલિટેર બિઝનેસ પ્લાઝામાં ૩૪ દુકાન, પાલ વિસ્તારમાં નિશાલ શોપિંગ સેન્ટરમાં ૨૫ દુકાન</u> અને અન્ય જુદી–જુદી જગ્યાએ મળી કુલ ૧૭૫ જેટલી કોમર્શીયલ મિલ્કતોને સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે પૈકી ૪૫ મિલ્કતોના મિલ્કતદારોએ સ્થળ પર વેરો ભરપાઈ કરતા રૂા.૩,૫૫,૦૦૦/– જેટલી રકમની વસુલાત થયેલ. જયારે ૧૩૦ જેટલી મિલ્કતોને સીલ કરેલ. અને <u>રહેણાંકમાં કુલ ૩૦૫ જેટલી મિલ્કતોને સીલ કરવાની/નળ કેનકશન કાપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે પૈકી ૧૯૫ મિલ્કતોના મિલ્કતદારોએ સ્થળ પર વેરો ભરપાઈ કરતા રૂા. ૪,૮૭,૫૦૦/– જેટલી રકમની વસુલાત થયેલ.</u> જયારે ૧૧૦ જેટલી મિલ્કતોને સીલ કરેલ.

રાંદેર ઝોનના આકારણી અને વસુલાત ધ્વારા કડક કાર્યવાહી હાથ ધરતાં રાંદેરઝોન ખાતે છેલ્લા એક માસ દરમ્યાન રૂપિયા ૪ કરોડ જેટલી વસુલાત થયેલ અને ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન તા.૧૯/૦૩/૨૦૧૮ સુધીમાં રૂપિયા કુલ ૭૪ કરોડ જેટલી વસુલાત થયેલ છે. હજૂ પણ મિલ્કત વેરો / વ્યવસાય વેરો ભરપાઈ કરવામાં બેદરકારી દાખવનાર મિલ્કતોને સીલ કરવાની તેમજ નળ કનેકશનો કાપવા જેવી કડક કાર્યવાહી ચાલુ રહેલ છે. જેથી બાકીદારોએ તેઓના બાકી મિલ્કતવેરા તાકીદે ભરપાઈ કરવા જણાવવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં.....૮ 3 3
તા.૧૯, ૩ ૨૦૧૮

# પ્રેસનોટ

**"સ્માર્ટ અને રેસિલિયન્ટ સુરત " શોર્ટ ફિલ્મ કોમ્પિટીશન**

કેન્દ્ર સરકારની સ્માર્ટ સિટી યોજના અંતર્ગત સુરત ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા નિર્માણ સુરત સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિમિટેડ, સુરત ક્લાઇમેન્ટ ચેન્જ ટ્રસ્ટ અને ફિલ્મ સોસાયટી ઓફ સુરતના સહયોગથી સુરત સ્થિત શહેરીકરણોના પ્રશ્નોની છણાવટ કરતા અને તેના ઉકેલને મદદરૂપ થવાના હેતુસર .દેશમાં પ્રથમવાર જ શોર્ટ ફિલ્મ ફેસ્ટીવલ પ્રતિયોગિતાનું સુરત સ્માર્ટ અને રેસિલિયન્ટ સિટી દ્વારા આયોજન હાથ ધરવામાં આવેલ છે.

સુરત સ્માર્ટ સિટી અંતર્ગત આ સ્પર્ધામાં ટ્રાફિક, સ્વચ્છતા, પર્યાવરણની જાળવણી, પાણીના સંશાધનો, ક્લિન એનર્જી, સામજિક સમરસતા તથા હાઉસીંગના વિષયોને આવરી લેવામાં આવ્યા છે. ધોરણ-૧૨ સુધીના વિધ્યાર્થીઓ, સ્નાતક અને અનુસ્નાતક અને અન્ય નાગરિકો આ સ્પર્ધામાં ભાગ લઇ શકશે. આ સ્પર્ધામાં ૨ મિનિટ, ૫ મિનિટ અને ૮ મિનિટના સમય અવધીની ફિલ્મો બનાવવાની રહેશે. આ સ્પર્ધામાં અલગ અલગ ૯ શ્રેણી મળીને કુલ રૂપિયા બે લાખ અને સિત્તેર હજારના અઢાર ઇનામો આપવામાં આવશે.

સુરત શહેરને કેન્દ્ર સરકારની સ્માર્ટ સિટી અને રોકફેલર ફાઉન્ડેશન, અમેરિકાના રેસિલિયન્ટ સિટીસ પ્રોગ્રામ અંતર્ગત રેસિલિયન્ટ સિટી બનાવવામાં આ સ્પર્ધા સહાયરૂપ થશે.

ઉપરોક્ત પ્રતિયોગીતા **તારીખ ૦૬.૦૩.૨૦૧૮**ના રોજ મામેયરશ્રી અસ્મિતાબેન શિરોયાના વરદહસ્તે શરૂ કરવામાં આવેલ છે. આ સ્પર્ધાની અંતિમ તારીખ **૫મી મે-૨૦૧૮ સુધીમાં** તૈયાર કરેલી ફિલ્મો સુરત મહાનગરપાલિકાના સુરત સ્માર્ટ સીટી, પહેલો માળ, સાઉથઝોન ઓફિસ, ઉધના, સુરત ખાતે આપવાની રહેશે. જેમાં ફિલ્મક્ષેત્રે અને શહેરીકરણના પ્રશ્નોની જાણકારી ધરાવતા વ્યક્તિઓની કમિટી દ્વારા તારીખ **૫મી જુન-૨૦૧૮** ના રોજ વિજેતાઓના નામ જાહેર કરવામાં આવશે.

આથી શોર્ટ ફિલ્મ કોમ્પીટીશનમાં વિદ્યાર્થીઓ અને નાગરિકોને બહોળી સંખ્યામાં ભાગ લેવા આમંત્રિત કરવામાં આવે છે.

સ્પર્ધાની વધુ માહીતી filmcontest.suratsmartcity.com વેબસાઇટ ઉપરથી પ્રાપ્ત થઇ શકશે.




જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 834
તા.૨૦-૦૩-૨૦૧૮

૮૩૫

# સુરત મહાનગરપાલિકા
## સાઉથ–વેસ્ટ(અઠવા)
## અખબારી યાદી

**વિષય :** આકારણી વિભાગ ધ્વારા મિલકત વેરાની રીકવરી બાબત.

સુરત મહાનગરપાલિકામાં આવેલ અઠવા ઝોન વિસ્તારમાં વર્ષ ૨૦૧૭–૧૮ ના મ્યુનિસિપલ મિલકતવેરાની રીકવરી ધનિષ્ઠ કરવામાં આવેલ છે. જેમાં તા.૧૯/૦૩/૧૮ ના રોજ અઠવાઝોન સંલગ્ન વિસ્તારે જેવા કે અલથાણ ભટાર, વેસુમાં ઈ.ડબ્લ્યુ.એસ.આવાસ, ઓમરાજ રેસીડન્સી અને ઓમરાજ આઈકોન રેસીડન્સી મળી કુલ ૬૭ પ્રોપર્ટી/મિલકતો સિલ કરેલ છે. અને સ્થળ પર વસુલાત રૂ. ૩૪,૬૦૦/– જેટલી મિલકતવેરાની રીકવરી કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં...835...
તા.૨૦/૦૩/૨૦૧૮

[illegible]

# –:: પ્રેસનોટ ::–

તા.૨૦-૩-૨૦૧૮ના રોજ સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ તથા સુરત શહેર પોલીસના સંયુકત સહકારથી 'તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩' મુજબ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજ્યાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ તમામ ઝોનમાં આવેલ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજ્યાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો સામે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ. જેથી શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજ્યાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | શૈક્ષણિક સંસ્થાની સંખ્યા કુલ | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦વારની ત્રિજયામાં આવેલ કાચા–પાકા કુલ પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટ વેચાણ કરતાં કાચા–પાકા પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા ઝડપાયેલ ઈસમોની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ રૂ.માં |
|---|---|---|---|---|---|
| સેન્ટ્રલ | ૩૨ | ૨૫ | ૧૮ | ૧૭ | ૩૪૦૦ |
| વરાછા | ૮૪ | ૬૫ | ૬૫ | ૫૦ | ૧૦૦૦૦ |
| રાંદેર | ૧૪ | ૨૮ | ૨૮ | ૨૮ | ૫૬૦૦ |
| કતારગામ | ૫૬ | ૨૨ | ૨૨ | ૨૨ | ૪૪૦૦ |
| ઉધના | ૧૭૨ | ૩૮ | ૩૧ | ૧૪ | ૨૮૦૦ |
| લિંબાયત | ૭૦ | ૬૮ | ૩૯ | ૨૧ | ૪૨૦૦ |
| અઠવા | ૮૮ | ૬૪ | ૨૩ | ૨૩ | ૪૫૦૦ |
| કુલ | ૫૧૬ | ૩૧૦ | ૨૨૬ | ૧૭૫ | ૩૪૯૦૦ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરસેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૮૩૬
તા.૨૦-૩-૨૦૧૮

**પ્રેસનોટ**
**જાહેર આરોગ્ય–માર્કેટ વિભાગ**

**તા.૨૫/૦૩/૨૦૧૮ ને રવિવાર અને તા.૨૯/૦૩/૨૦૧૮ ને ગુરૂવાર ના રોજ સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાંદેર કતલખાના બંધ રહેશે.**

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, સ્થાયી સમિતિના ઠરાવ નં. ૨૬૧, તા.૨૦/૦૨/૧૯૭૬ થી વિદીત થઈ, દર વર્ષની જેમ તા.૨૫/૦૩/૨૦૧૮ ને રવિવાર ના રોજ "શ્રીરામનવમી" અને તા.૨૯/૦૩/૨૦૧૮ ને ગુરૂવાર ના રોજ "મહાવીર જયંતિ" નિમિત્તે સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાંદેર કતલખાના બંધ રહેશે. જેની મટન–બીફ વેચનાર તમામ લાયસન્સ હોલ્ડરોએ નોંધ લેવી.

સમાચારયાદી નં. 837
તા. ૨૧/૦૩/૨૦૧૮
જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

**સુરત મહાનગરપાલિકા**
**સાઉથ–વેસ્ટ (અઠવા)**
**અખબારી યાદી**

વિષય : આકારણી વિભાગ દ્વારા મિલકત વેરાની રીકવરી બાબત.

સુરત મહાનગરપાલિકામાં આવેલ અઠવા ઝોન વિસ્તારમાં વર્ષ ૨૦૧૭-૧૮ ના મ્યુનિસિપલ મિલકતવેરાની રીકવરી સઘન કરવામાં આવેલ છે. જેમાં તા.૨૦/૦૩/૧૮ ના રોજ અઠવાઝોન સલગ્ન વિસ્તાર જેવા કે વેસુમાં રઘુવિર શ્રીગણેશ પાર્ક, રામચોક ઘોડદોડ, ઉધના મગદલ્લા રોડ સોમનાથ સોસાયટી તથા ગોકુલનગર મળી કુલ ૨૬ પ્રોપર્ટી/મિલકતો સિલ કરેલ છે. અને સ્થળ પર વસુલાત રૂ.૫૫૭૩૨/– જેટલી મિલકતવેરાની રીકવરી કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં... [illegible]
તા.૨૧/૩/૨૦૧૮

# પ્રેસ નોટ

સુરત મહાનગર પાલિકાનાં આકારણી અને વસૂલાત વિભાગ સેન્ટ્રલ ઝોન દ્વારા બાકી મિલકત વેરા બાબતે સઘન ઝુંબેશ તા.૦૧/૦૧/૧૮ થી તા.૧૯/૦૩/૧૮ દરમિયાન હાથ ધરતાં બાકી મ્યુનિ. વેરાના મિલ્કતદારો પૈકી વોર્ડ નં–૧ થી વોર્ડ નં.૧૨ માં નળકનેકશન કાપવા તેમજ સીલ મારવા બાબતની કામગીરી દરમિયાન ૩૯ નળ કનેકશન કાપવામાં આવેલ છે તથા ૨૭૭ મિલ્કતને સીલ કરવામાં આવેલ છે તેમજ સદર વેરા વસુલાત સઘન ઝુંબેશ દમિયાન કુલ રૂ. ૯,૬૪,૦૦,૦૦૦/– મ્યુનિ. વેરો સ્થળ ઉપર વસૂલ કરવામા આવેલ છે.

વધુમાં સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનમાં આવેલ વોર્ડ નં ૩–સી પૈકી ક્રિષ્ણા માર્કેટ રીંગરોડ, સુરતની કુલ ૦૫ (પાંચ) મિલ્કતોની બાકી મ્યુનિ. વેરાની વસુલાત અર્થે તા. ૨૮/૦૩/૨૦૧૮ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાના મીટીંગ હોલમાં બીજા માળે, વહિવટી ભવન–સેન્ટ્રલઝોન, મુગલીસરા ખાતે જાહેર હીલામીથી વેચાણ કરવામાં આવનાર છે, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

[illegible]
તા. ૨૭/૩/૨૦૧૮
જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

**Press Note**

## "Water Digest Water Awards 2017-18"

"Water Digest Water Awards" is organized every year by the Times Group to showcase initiatives taken by various government / non-governmental organizations in the water conservation sector.

Similarly, this year also Times group have invited nominations from government / non-governmental organizations and the last date for submission of nomination for the award is 20.03.2018.

Surat Municipal Corporation has submitted two nominations for the award under respective categories:-

1. "Usage of Wind power in water supply system of Surat Municipal Corporation" - relating the activities in the field of wind power.
2. "Aquifer Mapping Study for River Tapti" - relating the activities in the field of Water supply system.

At the end of screening process by respected jury, jury have declared Surat Municipal Corporation as a Winner in "Water Digest Awards 2017-18" for both the nominations for two awards.

The said award is handed over by Hon'ble Union Minister of State Shri Arjun Ram Meghwal (Ministry of Water Resources, River Development & Ganga Rejuvenation and Parliamentary Affairs in Government of India) to the Hon'ble Chairman of Standing Committee Shri Rajeshbhai Desai on dtd. 21/03/2018 at New Delhi.

************************

જનસંપર્ક વિભાગ

840

તા.૨૨-૦૩-૨૦૧૮





## પ્રેસ નોટ
## "Water Digest Water Awards 2017-18"

ટાઈમ્સ ગ્રુપ દ્વારા દર વર્ષે વોટર કન્સર્વેઝન ક્ષેત્રે વિવિધ સરકારી બિનસરકારી સંસ્થાઓ દ્વારા / કરવામાં આવેલ વિવિધ કામગીરીઓને બિરદાવવા સારું દર વર્ષે **"Water Digest Water Awards "** નું આયોજન કરવામાં આવે છે .જેના ભાગરુપે સદર સંસ્થા દ્વારા **"Water Digest Water Awards 2017-18 "** અંતર્ગત તા. ૨૦.૦૨.૨૦૧૮ સુધીમાં વિવિધ કેટેગરીઓ માટે નોમિનેશન મંગાવવામાં આવેલ. જેમાં સુરત મહાનગર પાલિકા તરફથી વિન્ડ પાવર પ્લાન્ટ્સ સંબધિત કરવામાં આવેલ કામગીરીઓને આવરી લઈને

1. "Usage of Wind power in water supply system of Surat Municipal Corporation" નામક શીર્ષકથી તેમજ,
2. વોટર સપ્લાય અન્વયે કરેલ કામગીરીઓને આવરી "Aquifer Mapping Study for River Tapti" નામક શીર્ષકથી

સદરહુ એવોર્ડ માટે સબમીશન કરવામાં આવેલ .

જેના અનુસંધાનમાં **"Water Digest Water Awards 2017-18 "** તરફથી ટાઈમ્સ ગ્રુપ દ્વારા સુરત મહાનગર પાલિકાની ઉપરોક્ત બંને નોમિનેશન સારું એવોર્ડ (કુલ બે એવોર્ડ) માટે પસંદગી થયેલ. તા. ૨૧.૦૩.૨૦૧૮ નાં રોજ ન્યુ દિલ્હી ખાતે યોજાયેલ એવોર્ડ સમારંભમાં ભારત સરકારશ્રીના મિનિસ્ટ્રી ઓફ વોટર રીસોર્સીસ, રીવર ડેવલોપમેન્ટ અને ગંગા રેજુવેનેશન અને પાર્લામેન્ટરી અફેર્સ વિભાગના રાજ્ય મંત્રીશ્રી અર્જુન રામ મેઘવાલનાં વરદહસ્તે સુરત મહાનગર પાલિકા તરફથી સ્થાયી સમિતિ ચેરમનશ્રી રાજેશભાઈ દેસાઈ દ્વારા બંને એવોર્ડ સ્વીકારવામાં આવેલ.

************************

જનસંપર્ક વિભાગ
સુરત ... સાદર
સમાચાર ... 841
તા.૨૨-૦૩-૨૦૧૮

**સુરત મહાનગરપાલિકા**
**સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન**
**અખબારી યાદી**

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૨૨/૦૩/૧૮ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

- સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૨૮(અલથાણ–ભટાર)ના ફા.પ્લોટ નં.૧૩૫(ઓપન સ્પેસ)ના હેતુ માટેના પ્લોટમાંથી આશરે ૧૨ ફુટ×૧૨ ફુટ માપ વિસ્તારમાં ચણતર, પ્લાસ્ટર સહિતના રૂમનું ગેરકાયદેસર બાંધકામ તથા લારી/ગલ્લાઓનું દબાણ દુર કરી રીઝર્વેશન પ્લોટ ફરતે ફેન્સીંગ કરવા કામગીરી કરવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી એડી.સીટી ઈજનેરશ્રી(સીવીલ)ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન શહેર વિકાસ સ્ટાફ તથા દબાણ સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં...842.........
તા.૨૨/૦૩/૨૦૧૮

# પ્રેસનોટ

## વડાપ્રધાનશ્રી દ્વારા ૨૦૨૫ સુધી ટીબી નાબુદ કરવા આહવાન

## ટીબીનો રોગ એટલો જ ઘાતક – દરરોજ ૧૧૦૦ જેટલા મોત

## લોક જાગૃતિ અર્થે સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે મેયર શ્રી દ્વારા રેલીનું પ્રસ્થાન

૨૪ માર્ચ–૧૮૮૨માં જ્યારે રોબર્ટ કોક નામના વૈજ્ઞાનિકે ટીબી માટે જવાબદાર બેકટેરીયા માઈકોબેકટેરીયમ ટ્યુબરક્યુલોસીસની શોધ કરી ત્યારે સમગ્ર વિશ્વને ધરપત થયેલ કે હવે ટીબીને નાથવામાં સંપૂર્ણ સફળતા મળશે. પરંતુ હજૂ સુધી સંપૂર્ણ પણે ટીબી કંટ્રોલ શકય બની શકેલ નથી તથા તાજેતરનાં વર્ષોમાં એચઆઈવીનાં ચેપનાં લીધે વિકસીત દેશોમાં પણ તેનો પ્રસાર થવાથી વિશ્વ આરોગ્ય સંસ્થા તેને ગ્લોબલ ઈમરજન્સી તરીકે જાહેર કરી વિવિધ પગલા લઈ રહી છે. વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ટીબી નાથવા અંગે સચોટ સારવાર પધ્ધતિ " ડોટસ " ની ભલામણ તથા અમલ કરવામાં આવી રહેલ છે. જેના ખૂબ જ સારા પરિણામો પણ મળી રહયા છે. હજૂ પણ ભારતમાં ૪.૨૩ લાખ લોકો ટીબીના કારણે મુત્યુ પામે છે. ગુજરાત સદર કાર્યક્રમમાં પ્રથમ હરોળનુ રાજય ગણાય છે. ૨૦૧૭ માં **ગુજરાતમાં ૯૯૪૮૩** તથા સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં **કુલ દર્દીઓ ૬૪૫૫** હતા. હજૂ પણ ઘણા દર્દીઓ પ્રાઈવેટ પ્રેકટીશ્નરો દ્વારા સારવાર લે છે.

વિવિધ ટીબી યુનીટ / ઝોનનાં વિસ્તાર વાઈઝ દર્દીઓ નીચે મુજબ છે.

| ટીબી યુનીટનું નામ | વિસ્તાર | કુલ દર્દી | પ્રાઈવેટ નોટીફીકેશન |
|---|---|---|---|
| હીરાબાગ | હીરાબાગ, મોટા વરાછા , નાના વરાછા | 491 | 2080 |
| વરાછા | વરાછા ફુલપાડા , એ.કે.રોડ | 342 | 82 |
| રાંદેર | રાંદેર , સિંગણપોર, ડભોલી | 331 | 11 |
| અડાજણ | અડાજણ , પાલ , પાલનપુર | 183 | 14 |
| કતારગામ | કતારગામ, વેડ રોડ | 306 | 49 |
| કોસાડ | કોસાડ , અમરોલી , ઉત્રાણ | 451 | 27 |
| બીપી | મુગલીસરા , ચોક, ચૌટાપુલ , સૈયદપુરા, ઘાસ્તીપુરા, વરીયાવી બજાર | 230 | 251 |
| ક્ષેત્રપાલ | નવસારી બજાર , મહીધરપુરા, રૂસ્તમ પુરા, નવાપુરા,વાડીફળીયા | 349 | 146 |
| ઉધના | ઉધના , વિજયા નગર, ઉમરા | 345 | 227 |
| પનાસ | પનાસ, અલથાણ, ડુમ્મસ, વેસુ | 252 | 3 |
| લિંબાયત | લિંબાયત આંજણા | 367 | 9 |
| ઉમરવાડા | ઉમરવાડા , ચીમની ટેકરો | 237 | 0 |
| કરંજ | કરંજ , માતાવાડી , લંબે હનુમાન રોડ | 470 | 29 |
| પુણાગામ | પુણા, સીમાડા, સરથાણા | 335 | 0 |
| પાંડેસરા | પાંડેસરા, વડોદ, જીઆઈડીસી | 486 | 5 |
| ઉન | ઉન , ભેસ્તાન | 317 | 0 |
| નવાગામ ડીંડોલી | નવાગામ , ડીંડોલી | 384 | 0 |
| ગોડાદરા | ગોડાદરા , નવાનગર | 579 | 0 |
| | **કુલ** | **6455** | **2933** |

સુરત ખાતે ઈન્ડીયન મેડીકલ એસોસીયેશન તથા ફેમીલી ફીઝીશ્યન એસોસીયેશન પણ સદર કાર્યક્રમમાં સક્રીય ફાળો આપી રહેલ છે. સુરતમાં ગુજરાતભરમાં સૌથી વધુ પ્રાઈવેટ પ્રેકટીશનરો ૧૫૧૫ થી વધુ સદર પ્રોગ્રામમાં સામેલ છે. વિશ્વની શ્રેષ્ઠ સારવાર પધ્ધતિ " ડોટસ" દ્વારા ખૂબ શ્રેષ્ઠ પરીણામો મળવાને લીધે દર્દીઓની સંખ્યા વધુને વધુ આ સારવાર તરફ થઈ રહેલ છે. હજુ પણ કોઈ પણ દર્દીને ટીબી જણાયતો " ડોટસ" સારવાર લેવા ભલામણ કરવામાં આવે છે. સુરત મહાનગરપાલિકા વિસ્તારના તમામ શહેરી આરોગ્ય કેન્દ્ર, સ્મીમેર,મસ્કતી હોસ્પિટલ તથા સ્વૈચ્છિક સંસ્થા , પ્રાઈવેટ ડોકટરને ત્યાંથી પણ "ડોટસ" સારવાર વિનામૂલ્યે ઉપલબ્ધ છે. જેનો લાભ લેવા જણાવવામાં આવે છે.

સુરતમહાનગરપાલિકા વિસ્તારમાં મલ્ટી ડ્રગ રેજીસ્ટન્ટ કુલ–૨૧૭ તથા એકસ–ડીઆર ટીબી કુલ–૧૪ દર્દીઓ આ સારવાર લઈ રહયા છે. સદર સારવારનો ખર્ચ દર્દી દીઠ અઢી થી ચાર લાખ રૂપિયા જેટલો હોય છે. પરંતુ તે વિનામૂલ્યે આપવામાં આવે છે. વધુમાં ડ્રગ રેજીસ્ટન્ટ માટે નવી દવા બીડાકવીલીન પણ સરકાર દ્વારા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

આ પ્રકારના MDR ટીબીના દર્દીના નિદાન માટે આધુનિક મશીન CBNAAT જેની અંદાજીત કિંમત ૧૫ લાખ જેટલી છે. જે જાન્યુઆરી–૨૦૧૬ થી હિરાબાગ આરોગ્ય કેન્દ્ર ખાતે કાર્યરત છે તથા બીજા મશીન ઉધના આરોગ્ય કેન્દ્ર એપ્રીલ–૨૦૧૬ તથા સ્મીમેર ખાતે મે–૨૦૧૬થી અને પર્વતગામ ખાતે જાન્યુઆરી – ૨૦૧૮થી કાર્યરત છે. આ મશીન ફ્રાંસથી સરકાર દ્વારા આયાત કરવામાં આવેલ છે આ મશીન દ્વારા બે કલાકમાં ટીબી નો નિદાન તથા MDR ટીબીનું નિદાન કરી આપે છે જેનું મૂલ્ય રૂ.૩૦૦૦ જેટલું હોય છે. પરંતુ સરકાર દ્વારા મફત તપાસ થાય છે. જે અંતંગત ૨૦૧૭માં કુલ ૩૧૨૩ ટેસ્ટ થઈ જેમાંથી ૧૫૮૬ સેન્સીટીવ તથા ૧૯૨ રેજીસ્ટન્ટ ટીબીનું નિદાન કરવામાં આવેલ હતું.

સુરતમહાનગરપાલિકા દ્વારા લોક–જાગૃતિ અર્થે માનનીય મેયરશ્રીનાં વડપણ હેઠળ સ્મીમેર મેડીકલ કોલેજ ખાતેથી રેલીનું પ્રસ્થાન કરવામાં આવનાર છે.

પ્રાઈવેટ પ્રેકટીશનરો દ્વારા ટીબી દર્દી અંગેનું નોટીફીકેશન હવે ફરજીયાત કરવામાં આવેલ છે તથા નોટીફીકેશન નહી કરનાર ડોકટર્સ, લેબોરેટરી કે કેમીસ્ટને ઈન્ડીયન પીનલ કોડ હેઠળ સજા પાત્ર ગુનો બતાવેલ છે. જેમાં ૨૦૧૭ માં ૨૦૩૩ જેટલા ટીબીનાં દર્દીઓનુ નોટીફીકેશન કરવામાં આવેલ છે. તમામ પ્રાઈવેટ પ્રેકટીશનરોને નોટીફીકેશન માટે અપીલ કરવામાં આવે છે જેથી ટીબીનાં તમામ દર્દીઓની મુલાકાત લઈ દવા પુરી કરાવી શકાય.

કેન્દ્ર સરકાર પણ ટીબી નિયંત્રણ અર્થે ખુબ ચિંતીત છે જે અંગે તાજેતરમાં વડાપ્રધાનશ્રીએ ૨૦૨૫ સુધીમાં ટીબી નિયંત્રણ અંગેના નવા લક્ષ્યાંક નકકી કરેલ છે તથા તેને અનુરુપ જરુરી નવી ગાઈડલાઈન ૨૦૧૭ થી જ અમલમાં મુકવામાં આવેલ છે જેમાં ઘરે ઘરે જઈને પણ ટીબીના શંકાસ્પદ દર્દીઓ શોધવા, એકસ–રેની ઝડપી તપાસ, જીન એકસપર્ટ તપાસ વિગેરે પગલા લેવામાં આવી રહેલ છે.

**આરએનટીસીપીની ખાસ સુવિધાઓ નીચે મુજબ છે, જેનો લાભ લેવો.**

1. Free Full Proff Genxpert દ્વારા નિદાન
2. Free Quality Drugs - FDC ડેઈલી રેજીમેન
3. Financial Support – Nutritional Support
4. Free HIV Test – Free Diabetes Test
5. All Contact Screening
6. Pediatrics માટે અલગથી નિદાન તથા સારવાર

વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા દર વર્ષે યુનીક થીમ બહાર પાડવામાં આવે છે જે મુજબ ૨૦૧૮ માટે નું થીમ "Wanted Leaders For TB Free World, You Can Make History" આપવામાં આવેલ છે જે મુજબ તમામે તમામ ક્ષેત્રનાં સહકાર થી ટીબી નાં અંત માટે લડાઈ કરવા આહવાન કરવામાં આવે છે. જેથી તમામ આરોગ્ય કાર્યકરો, પ્રાઈવેટ પ્રેકટીશ્નરો, સ્વૈચ્છિક સંસ્થાઓ, પ્રેસ મીડીયા ને આ તબકકે અપીલ કરવામાં આવે છે કે તેઓ પણ ટીબી સામેનો જંગ લડવા નેતાગીરી લઈ શકે છે તેમજ આવનારી પેઢીને ટીબીથી બચાવવા તથા સમગ્ર વિશ્વને ટીબી મુકત કરવા ઈતિહાસરૂપી પગલા લઈ સહકાર આપી શકે છે.


જનસંપર્ક વિભાગસુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. તા. ૨૨/૦૩/ ૨૦૧૮
843

**સુરત મહાનગરપાલિકા**
**સાઉથ–વેસ્ટ(અઠવા)**
**અખબારી યાદી**

**વિષય :** આકારણી વિભાગ ધ્વારા મિલકત વેરાની રીકવરી બાબત.

સુરત મહાનગરપાલિકામાં આવેલ અઠવા ઝોન વિસ્તારમાં વર્ષ ૨૦૧૭–૧૮ ના મ્યુનિસિપલ મિલકતવેરાની રીકવરી ઘનિષ્ઠ કરવામાં આવેલ છે. જેમાં તા.૨૧/૦૩/૧૮ ના રોજ અઠવાઝોન સંલગ્ન વિસ્તાર જેવા કે વેસુમાં ઝોલી રેસીડન્સી સુર્યા, ગ્રીનવ્યુ, સાફીરેકોટ, એલ્મોર રેસીડન્સી, ભટાર રોડ વૈભવ કોમ્પપ્લેક્ષ તેમજ ઉધના મગદલ્લારોડ બાલાજી ઈન્ડસ્ટ્રીઝ મળી કુલ ૨૮ પ્રોપર્ટી/મિલકતો સિલ કરેલ છે. અને સ્થળ પર વસુલાત રૂા.૧,૦૦,૬૨૭/– જેટલી મિલકતવેરાની રીકવરી કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં...........844
તા.22/03/૨૦૧૮



પ્રેસ નોટ

આજ રોજ તા. ૨૨/૦૫/૨૦૧૮, SMC ખાતે Birmingham Chamber of Commerce & Industry, England ના બ્રિટિશ ડેલીગેશન મુલાકાતે આવ્યા હતા. સદર ડેલીગેશન સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ચાલતી સુવિધાઓ તથા વેસ્ટ મેનેજમેન્ટના ડિઝાઈનિંગ માટે મ્યુ. કમિશનરશ્રી એમ. થેન્નારસન ની અધ્યક્ષતામાં મિટિંગ યોજેલ હતી.

સદર ડેલીગેશન ના ૧૪ જેટલા સભ્યો સાથે સુરત મહાનગરપાલિકા ની ટેકનીકલ ટીમે વેસ્ટ વોટર રિસાયકલિંગ તથા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના વિવિધ મુદ્દે ચર્ચા વિચારણા કરેલ હતી. સુરત મહાનગરપાલિકા તરફે મ્યુ. કમિશનરશ્રી એમ. થેન્નારસન તથા સીટી ઈજનેરશ્રીએ સુરત મહાનગરપાલિકાની વિવિધ કામગીરી થી ડેલીગેશન ને વાકેફ કરી તેઓના પ્રશ્નો ના ઉત્તર આપ્યા હતા. સદર ડેલીગેશને પણ સુરત મહાનગરપાલિકાની કામગીરી થી પ્રભાવિત થઈ, સદર કામગીરી માં તેઓના વધુ સપોર્ટ સહયોગ આપવાની બાહેંધરી આપેલ. અંતમાં મ્યુ. કમિશનરશ્રીએ સુરત મહાનગરપાલિકાની કામગીરીનો અભ્યાસ કર્યા બાદ તેઓનો રીપોર્ટ સુરત મહાનગરપાલિકા ને આપવા જણાવી મિટિંગ ફૂલોના અભિવાદન સાથે પૂર્ણ કરેલ.



# પ્રે સ નો ટ

સવિનય, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા આરોગ્ય અધિકારીશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ આજ તા.૨૨/૦૩/૨૦૧૮ નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરોએ નીચે જણાવેલ સંસ્થાઓ ચેક કરી, ઘીના સેમ્પલો લેવામાં આવેલ છે. જે પૃથ્થકરણ સારૂં ફુડ એનાલીસ્ટ, ભુજ/રાજકોટ ખાતે મોકલી આપવામાં આવેલ છે. જેનો રીપોંટ આવ્યે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

| અ.નં. | સંસ્થાનું નામ | સંસ્થાનું સરનામું |
|---|---|---|
| ૧. | ચોર્યસી ડેરી ઉત્પાદક સહકારી મંડળી | અંબાજી રોડ, સુરત |
| ૨. | લક્ષ્મી ડેરી | અંબાજી રોડ, સુરત |
| ૩. | ચોર્યસી ડેરી ઉત્પાદક સહકારી મંડળી | કૈલાશ નગર, સુરત |
| ૪. | બાપા સીતારામ ડેરી એન્ડ સ્વીટ | દુ.ન.–૩૫, ધ્રુવતારક સોસા., વેડ રોડ, સુરત |
| ૫. | ન્યુ લક્ષ્મી ડેરી | દુ.ન.–બ–૩/૩, અમરદીપ કોમ્પલેક્ષ, અમરોલી–છાપરાભાઠા, અમરોલી, સુરત |
| ૬. | કૈનયા ડેરી ફાર્મ એન્ડ સ્વીટ | બી–૫૦૮, જલારામ નગર, ગુજરાત હાઉસીંગ બોર્ડ, પાંડેસરા, સુરત |
| ૭. | સુરભી ડેરી એન્ડ સ્વીટ | બી–૯, ગુજરાત હાઉસીંગ બોર્ડ, પિયુષ પોઈન્ટ ચાર રસ્તા, પાંડેસરા, સુરત |
| ૮. | મીલ્ક પેલેસ ફુડસ એલ.એલ.પી. | દુ.ન.–એમ/૬, આરજુ હોસ્પિટલની લાઈન, ભટાર રોડ, સુરત |
| ૯. | વૃંદાવન ડેરી | દુ.ન.–યુ–૨, સંભવનાથ એપા., ઉમાભવન પાસે, ભટાર રોડ, સુરત |
| ૧૦. | સુરભી ડેરી એન્ડ સ્વીટ | રંગીલા પાર્ક, ઓમ નગરની સામે, ડિંડોલી, સુરત |
| ૧૧. | ધારા ડેરી એન્ડ પાર્લર | દુ.ન.–૧, માર્ક પોઈન્ટ, ડિંડોલી, સુરત |
| ૧૨. | ગોપાલ ડેરી સ્વીટ એન્ડ ફરસાણ | પ્લોટ નં.–૨૮૫, દુ.ન.–૩,૪, ભરત નગર સોસા., વરાછા રોડ, સુરત |
| ૧૩. | સૌરાષ્ટ્ર ડેરી ફાર્મ | પ્લોટ નં.–૭૪,૭૫, દુ.ન.–૨, શ્રીનાથ એપાર્ટ, ઘનશ્યામ નગર સોસા–૨, વરાછા રોડ, સુરત |
| ૧૪. | રઘુવીર ડેરી | બિલ્ડીંગ–એ/૧, દુ.ન.–૬, વ્રજભુમિ ટાઉનશીપ, સીમાડાગામ, સુરત |
| ૧૫. | બાપા સીતારામ ડેરી | પ્લોટ ન.–૩૧, દેવી કૃપા સોસા.–૨, પુણા–સીમાડા રોડ, પુણાગામ, સુરત |

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર પાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં..........................

તા.૨૨/૦૩/૨૦૧૮ 846

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૧૬/૦૩/૨૦૧૮ થી તા.૨૨/૦૩/૨૦૧૮ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૩૩૦ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૫૭ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૪૮ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૧ |
| ૫ | માયનોર ઓપરેશન | ૨૮ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૦૭ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં......................
તા.૨૩/૦૩/૨૦૧૮ 847

# પ્રેસનોટ

""**Wanted Leaders For TB Free World, You Can Make History**" સુત્ર આધારિત

**વિશ્વ ક્ષય દિન–૨૦૧૮ નિમીતે લોક જાગૃતિ અર્થે સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે રેલી**

"વિશ્વ ક્ષય દિન" નિમીતે લોકોમાં ટીબી અને ડોટસની સારવાર પધ્ધતિ અંગે જાગૃતિ અને જાણકારી ફેલાય તે માટે સુરત મહાનગરપાલિકાના આર.એન.ટી.સી.પી વિભાગના વડા ડો. કે.એન.શેલડીયા દ્વારા એક રેલીનું આયોજન તા.૨૩/૦૩/૨૦૧૮ શુક્રવારના રોજ સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે કરવામાં આવેલ હતું. સદર રેલીનું પ્રસ્થાન સુરત મહાનગરપાલિકાનાં માનનીય મેયરશ્રી અસ્મિતાબેન શિરોયા દ્વારા લીલી ઝંડી બતાવીને સ્મીમેર મેડીકલ કોલેજ ખાતેથી કરાવડાવ્યું હતું. આ રેલીમાં આરોગ્ય સમીતી ચેરમેન અનિલ બિસ્કીટવાલા, ડે. કમિશનરશ્રી (હે. અને હોસ્પિ.) ડો. હેમંત દેસાઈ, સ્મીમેર મેડીકલ કોલેજ ડીન ડો. કલ્પનાબેન દેસાઈ, મેડીકલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો. વંદનાબેન દેસાઈ, સીટી ટીબી ઓફીસર ડો.કે.એન.શેલડીયા, સાપકુના ડો.સોંધરવા, ઈન્ડીયન મેડીકલ ઓસોસીયેશનના પ્રમુખ ડો. મનસુખ ગટીવાલા સહીત અન્ય પદાધિકારીઓ–અધિકારીઓ, કોર્પોરેટરશ્રીઓ તથા અન્ય સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાના શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરશ્રીઓ, આર.એન.ટી.સી.પીના તમામ એમ.ઓ.ટી.સી તથા આર.એન.ટી.સી.પીનો તમામ સ્ટાફ તેમજ એસટીડી કેર પ્રોજેકટના કાઉન્સેલરો તથા TISS ના પ્રોજેકટ ઓફિસર અને કાઉન્સેલર સદર રેલીમાં ઉપસ્થિત રહયા હતા. રેલીના અંતે સુરત મહાનગપાલિકાના સીટી ટીબી ઓફીસર ડો.કે.એન.શેલડીયા સાહેબે રેલીમાં હાજર રહેનાર તમામ મહાનુભાવોનો આભાર માન્યો હતો. તેમજ મા. વડાપ્રધાનશ્રીએ ૨૦૨૫ સુધી ટીબી નાબુદ કરવા આપેલ આહવાન ઉપાડી લેવા જણાવ્યું હતું.

ટીબી સંપુર્ણ પણે મટી શકે તેવો રોગ છે તેમ છતા વિશ્વમાં સૌથી વધુ ટીબીનાં કેસો ભારતમાં છે. તેનુ મુખ્ય કારણ સારવાર અધુરી છોડવાનું દર્દીનું વલણ છે. 'ડોટસ' પધ્ધતિમાં દર્દી સારવાર પર ન આવે તો તેની ઘરની મુલાકાત કરી સારવાર શરૂ કરવામાં આવે છે અને દર્દી સાજો થાય ત્યાં સુધી તેની કાળજી પૂર્વક તથા લાગણી સભર માવજત કરવામાં આવે છે તથા દર્દીને વીઆઈપી ગણવામાં આવે છે જેને લીધે જ 'દર્દી દેવ ભવ' નું સુત્ર અત્રે પ્રસ્તુત છે.

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ટીબીનાં નિદાન તથા સારવાર માટે વિનામૂલ્યે સુવિધા તમામ અર્બન હેલ્થ સેન્ટર ખાતે ઉપલબ્ધ છે. મલ્ટી ડ્રગ રેસીસ્ટન્ટ ટીબીની સારવાર બે વર્ષ જેટલી લાંબી હોય છે તથા તેનો લગભગ રૂપિયા ત્રણ લાખ જેટલો ખર્ચ થાય છે જે તમામ વિનામૂલ્યે આપવામાં આવે છે. ટીબીના નવીનતમ ટેકનોલોજી વાળા જીન એકસપર્ટ પાંચ મશીન ઉપલબ્ધ કરાવેલ છે જેનાથી ટીબીનું નિદાન ચોકકસ અને વહેલા શકય છે. તેમજ મલ્ટી ડ્રગ રેસીસ્ટન્ટ દર્દીઓ માટેની નવી દવા બીડાકવીલીન પણ ઉપલબ્ધ કરાવેલ છે જેની કિંમત સરકારને રૂા. ૧૬ લાખ જેટલી થાય છે જે વિનામુલ્યે ઉપલબ્ધ છે. તાજેતરમાં બજેટમાં હવે એપ્રિલથી દરેક ટીબીના પેશન્ટન જેઓ સારવાર લઈ રહયા છે તેમને દર માસે રૂા. ૫૦૦/- ની સહાય પણ ઉપલબ્ધ કરવામાં આવનાર છે.

સદર રેલીને સફળ બનાવવા સારુ રેડીઓ બીગ એફએમ, આઈ વીટનેશ, મિત્ર ચેનલ, વિ ન્યુઝ, સ્કાઈ ન્યુઝ, એસ નાઈન ન્યુઝ તથા સોશીયલ મિડિયા દ્વારા વડાપ્રધાનશ્રીના આહવાન મુજબ ટીબી નાબુદી અભિયાનને સફળ બનાવવા બહોળા પ્રમાણમાં પ્રચાર અને પ્રસારની કામગીરી કરવામાં આવી હતી.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. તા. ૨૩/૦૩/૨૦૧૮

848



## '' Wanted Leaders For TB Free World" You Can Make History"

### સુત્ર આધારિત

### વિશ્વ ક્ષય દિન–૨૦૧૮ નિમીતે લોક જાગૃતિ અર્થે રેલી

વિશ્વ ક્ષય દિન નિમીતે લોક જાગૃતિ અર્થે સ્મીમેર મેડીકલ કોલેજ ખાતેથી રેલીનું પ્રસ્થાન મેયરશ્રી અસ્મિતા શિરોયા દ્વારા કરવામાં આવ્યુ હતુ. તેમની આગેવાની હેઠળ આરોગ્ય સમીતી ચેરમેન અનિલ બિસકીટવાલા, ડે. કમિશનરશ્રી (હે. અને હોસ્પિ.), ડો. એચ.એસ. દેસાઈ, સ્મીમેર મેડીકલ કોલેજના ડીન ડો. કલ્પનાબેન એ. દેસાઈ, મેડીકલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો. વંદનાબેન દેસાઈ, સીટી ટીબી ઓફીસર ડો.કે.એન.શેલડીયા, સાપકુના ડો.સોંધરવા, ઈન્ડીયન મેડીકલ ઓસોસીયેશનના પ્રમુખ ડો. મનસુખ ગટીવાલા સહીત અન્ય પદાધિકારીઓ–અધિકારીઓ, કોર્પોરેટરશ્રીઓ, અધિકારીઓ તથા અન્ય સ્ટાફ હાજર રહયા હતા. આરોગ્ય કાર્યકર્તાઓ દ્વારા સૂત્રોચાર સહિત વિવિધ પ્લેકાર્ડ સાથે રેલી તેમના રૂટ પર આગાળ વધી પાછી સ્મીમેર મેડીકલ કોલેજ ડી – બ્લોક ખાતે પૂર્ણ થઈ હતી.

# પ્રે સ નો ટ

સવિનય, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા આરોગ્ય અધિકારીશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ આજ તા.૨૩/૦૩/૨૦૧૮ નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરોએ નીચે જણાવેલ સંસ્થાઓ ચેક કરી, ધીના સેમ્પલો લેવામાં આવેલ છે. જે પૃથ્થકરણ સારૂં ફુડ એનાલીસ્ટ, ભુજ/રાજકોટ ખાતે મોકલી આપવામાં આવેલ છે. જેનો રીપોંટ આવ્યે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

| અ.નં. | સંસ્થાનું નામ | સંસ્થાનું સરનામું | લીધેલ નમુના |
|---|---|---|---|
| ૧. | સુરભી ડેરી એન્ડ સ્વીટસ | હનીપાર્ક રોડ,સુરત. | દુધનો માવો<br>દુધનો માવો |
| ૨. | વૃંદાવન ડેરી ફાર્મ | યોગીચોક,પુણાગામ,સુરત. | ભેંસનુ દુધ |
| ૩. | કનૈયા ડેરી ફાર્મ એન્ડ સ્વીટ | યોગીચોક,પુણાગામ,સુરત. | દુધનો માવો |
| ૪. | પટેલ માવા ભંડાર | પ્રીયંકા હાઈટસ,મોટા વરાછા,સુરત. | દુધનો માવો |
| ૫. | શ્રી ક્રિષ્ના ડેરી | ભગુનગર,એલ.એચ.રોડ,સુરત. | દુધનો માવો |
| ૬. | કનૈયા ડેરી | મીરાનગર,ઉધનાગામ,સુરત. | દુધનો માવો |
| ૭. | કિશન ડેરી ફાર્મ એન્ડ સ્વીટ માર્ટ | કે.આર.કોમ્પલેક્ષ,ઉધનાગામ,સુરત. | અમુલ ગોલ્ડ હોમોજીનાઈઝડ ફુલ ક્રીમ મીલ્ક |
| ૮. | શ્રી ન્યુ લક્ષ્મી ડેરી એન્ડ કોલ્ડ્રીંસ | કતારગામ પોલીસ સ્ટેશન પાસે,સુરત. | મીઠો માવો |
| ૯. | શ્રી જી ડેરી | ધરમનગર સોસાયટી,એ.કે.રોડ,સુરત. | ગાયનું દુધ |
| ૧૦. | સુરભી ડેરી એન્ડ સ્વીટસ | બમરોલી રોડ,સુરત. | દુધનો માવો<br>દુધનો માવો |
| ૧૧. | સાલાસાર કન્ફેકશનરી | ડી.કે.ઈન્ડ.એસ્ટેટ,ઉધના મેન રોડ,સુરત. | મીઠો દુધનો માવો |

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર પાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં.........................

તા.૨૩/૦૩/૨૦૧૮ 849

**સુરત મહાનગરપાલિકા**
**સાઉથ–વેસ્ટ(અઠવા)**

# અખબારી યાદી

**વિષય :** આકારણી વિભાગ દ્વારા મિલકત વેરાની રીકવરી બાબત.

સુરત મહાનગરપાલિકામાં આવેલ અઠવા ઝોન વિસ્તારમાં વર્ષ ૨૦૧૭–૧૮ ના મ્યુનિસિપલ મિલકતવેરાની રીકવરી ઘનિષ્ઠ કરવામાં આવેલ છે. જેમાં તા.૨૨/૦૩/૧૮ ના રોજ અઠવાઝોન સંલગ્ન વિસ્તાર જેવા કે અંબાનગર, રૂપાલી નહેર ભટાર રોડ, વકીલ શેરી અંબાનગર, વેસુ શ્યામ લકઝરી,કિસલ બ્રાઉન,રત્નરાજ એપાર્ટ, શૃંગાર રેસીડન્સ વેસુ મળી કુલ ૩૫ પ્રોપર્ટી/મિલકતો સિલ કરેલ છે. અને સ્થળ પર વસુલાત રૂ.૩૨,૭૫૦/– જેટલી મિલકતવેરાની રીકવરી કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં............. 850
તા.23/ 3 /૨૦૧૮

તા:૨૩-૦૩-૨૦૧૮

## પ્રેસનોટ

નોર્થઝોન(કતારગામ)
સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકાના નોર્થઝોન (કતારગામ) આકારણી અને વસુલાત વિભાગ દ્વારા ચાલુ નાણાંકીય વર્ષ સને ૨૦૧૭-૧૮ દરમ્યાન હાલમાં રીકવરીની ઝુંબેશ ચાલુ હોય જે અંગે આજ રોજ કુલ આશરે ૮૪૮ મિલ્કતોમાં રીકવરી કરતા નંદુ દોશીની વાડી,વસ્તાદેવી રોડ,ક્રિષ્ના ઈન્ડ.એસ્ટેટ,ફુલપાડા,સ્મૃતિ કો.ઓ.હા.સોસાયટી કતારગામ,કુબેરનગર કો.ઓ.હા.સોસાયટી કતારગામ,સરદાર પટેલ હા.સોસાયટ ડભોલી રોડ, જય અંબે સોસાયટી સીંગણપોર, ક્રિષ્ના ઈન્ડ.કો.હા.સોસાયટી ટુંકી, રહેમતનગર વેડ રોડ,નારાયણનગર સોસાયટી કતારગામ,આનંદપાર્ક સોસાયટી વેડ રોડ,ગ્લોબલ સીટી કોસાડ, વિશાલ એન્ટર પ્રાઈઝ,વેડ રોડ,
શ્રીનાથ ગાર્ડનીયા,કોસાડ વિગેરે વિસ્તાર, મળી કુલ ૧૫૯ મિલ્કતોને સીલ કરવામાં આવેલ તથા ૪૮ મિલ્કતોના નળ કનેકશન કાપવામાં આવેલ જે પૈકી સ્થળ ઉપર રૂ.૩૫,૨૭,૨૭૦/-ની વસુલાત કરવામાં આવેલ હતી અને રૂ. ૫૨,૨૭,૬૩૦/- ના એડવાન્સ ચેક તથા કુલ ૩૬૧૫ કરદાતાઓ પાસેથી રૂ.૧,૮૩,૬૭,૯૧૪/- નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

વ્યવસાય વેરા વિભાગ દ્વારા ચાલુ નાણાંકીય વર્ષ સને ૨૦૧૭-૧૮ દરમ્યાન હાલમાં ચાલુ અઠવાડિયાની રીકવરીની ઝુંબેશ દરમ્યાન કુલ ૧૬૬ ઈ.સી. કરદાતાઓ પાસેથી રૂ.૪,૩૦,૭૩૫/- તથા ૩૭૫ આર.સી. કરદાતાઓ પાસેથી રૂ.૭૮,૨૩,૫૩૩/- નો વ્યવસાય વેરો વસુલ કરવામાં આવેલ છે.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ચાલુ નાણાંકીય વર્ષ સને ૨૦૧૭-૧૮ દરમ્યાન હાલમાં ચાલુ અઠવાડિયાની રીકવરીની ઝુંબેશ દરમ્યાન તા.૧૩/૦૩/૨૦૧૮ થી તા.૨૦/૦૩/૨૦૧૮ સુધી કુલ રૂ.૪૪,૪૨,૦૬૮/- વસુલ કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. 851
તા23-03-2018

# પ્રેસનોટ

સ્માર્ટ સીટી કાઉન્સીલ ઓફ ઇન્ડિયા દ્વારા "સ્માર્ટ અર્બનેશન ૨૦૧૮" ("**SM@RT URBANATION 2018**") ઇવેન્ટનું આયોજન 22-23 March 2018 ના રોજ HICC, હૈદરાબાદ ખાતે કરવામાં આવેલ. જેમાં "Smart Project Award" અને "બેસ્ટ એસપીવી સીઇઓ એવોર્ડ " (Best SPV CEO Award) એનાયત કરવાનું આયોજન કરવામાં આવેલ. જેમાં સુરત સ્માર્ટ સીટીના **ITMS** અને **SMAC** સેન્ટરના પ્રોજેકટને "Smart Project Award" એવોર્ડ આપવામાં આવેલ છે. આ ઉપરાંત સ્માર્ટ સીટી SPV માં "બેસ્ટ એસપીવી સીઇઓ એવોર્ડ" **(Best SPV CEO Award)** ના એવોર્ડ માટે સમગ્ર ભારત ખાતેના 47 સ્માર્ટસિટી નાં સી.ઇ.ઓ.માંથી ઓનલાઇન વોટિંગ દ્વારા સૌથી વધુ પોપ્યુરીલીટી વોટ પ્રાપ્ત કરનાર તથા ટૂંકા ગાળામાં સુરત શહેરને ભારતની ટોચની સ્માર્ટ સિટી બનાવનાર **શ્રી એમ. નાગરાજન** CEO, Surat Smart City ને વિજેતા ઘોષિત કરી, "બેસ્ટ એસપીવી સીઇઓ" **(BEST SPV CEO)** નો એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ,

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૮૫૨

તા.૨૪/૦૩/૨૦૧૮



SmartCitiesCouncil India
LIVABILITY | WORKABILITY | SUSTAINABILITY
Presents
SM@RT URBANATION
CONVENTION AND EXPO 2018
Supported by
Host State
Smart State




Certificate of Merit
Awarded to
Shri. M NAGARAJAN
CEO, Surat Smart City Development Limited
on this 23rd day of March 2018 for being the
Most Popular SPV CEO
at the 5th SMART CITIES SUMMIT / SM@RT URBANATION 2018, Hyderabad
Pratap Padode
Founder & Executive Director
SmartCitiesCouncil India


SmartCitiesCouncil India
LIVABILITY | WORKABILITY | SUSTAINABILITY
Presents
SMART PROJECT AWARDS
Presented to
SURAT SMART CITY DEVELOPMENT LIMITED
For Surat Command and Control Centre (SMAC Center)
Category: Citizen Service Delivery
on 23rd MARCH 2018 at
SM@RT URBANATION
CONVENTION AND EXPO 2018
HYDERABAD
Pratap Padode

સુરત મહાનગરપાલિકા
સાઉથ–વેસ્ટ(અઠવા)

**અખબારી યાદી**

વિષય : આકારણી વિભાગ ધ્વારા મિલકત વેરાની રીકવરી બાબત.

સુરત મહાનગરપાલિકામાં આવેલ અઠવા ઝોન વિસ્તારમાં વર્ષ ૨૦૧૭-૧૮ ના મ્યુનિસિપલ મિલકતવેરાની રીકવરી ઘનિષ્ઠ કરવામાં આવેલ છે. જેમાં તા.૨૩/૦૩/૧૮ તેમજ તા.૨૪/૦૩/૧૮ના રોજ અઠવાઝોન સંલગ્ન વિસ્તાર જેવા કે ઉધના મગદલ્લા, શુભ રેસીડેન્સી, જોલી રેસીડેન્સી, તેમજ ઉધના રોડ, ભટાર રોડ, સ્ટાર ગેલેક્ષી વેસુ મળી કુલ ૮૬ પ્રોપર્ટી/મિલ્કતો સિલ કરેલ છે. અને સ્થળ પર વસુલાત રૂા.૭૦,૬૯૮/– જેટલી મિલકતવેરાની રીકવરી કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં..8.5.4...
તા.૨૬/૦૩/૨૦૧૮

# પ્રેસનોટ

તા.૨૫-૦૩-૨૦૧૮ થી ૨૬-૦૩-૨૦૧૮ સુધી એટલેકે બે દિવસ માટે સુરત શહેરની મુલાકાત માટે પોર્ટબ્લેર મ્યુનિસિપલ કાઉન્સિલ તરફથી પદાધિકારીશ્રીઓ આવેલ. પોર્ટ બ્લેર મ્યુનિસિપલ કાઉન્સિલ કે જેની પસંદગી ભારત સરકારશ્રીની મહત્વ કાંક્ષી યોજના એવી સ્માર્ટ સીટી મિશન પ્રોગ્રામ અંતર્ગત વિવિધ પ્રોજેક્ટ પ્રસ્થાપિત કરવા માટે બીજા તબક્કામાં પસંદગી થયેલ છે. સમગ્ર ભારત દેશમાં ઉક્ત મિશન અંતર્ગત વિવિધ પ્રોજેક્ટ પ્રસ્થાપિત કરવાની કાર્યવાહીમાં સુરત શહેર સૌથી આગળ હોય, પોર્ટ બ્લેર મ્યુનિસિપલ કાઉન્સિલ દ્વારા મુલાકાત લેવામાં આવેલ જેમાં તેઓનો સુરત શહેરમાં સ્માર્ટ સીટી મિશન પ્રોગ્રામ અન્વયેના વિવિધ પ્રોજેક્ટની સ્થળ પર વિઝીટ લઇ કામગીરીનું અમલીકરણ કેવી રીતે કરવામાં આવી રહેલ છે તે બાબતની સમજ લેવાનો મુખ્ય ઉદ્દેશ રહેલ. સ્માર્ત સીટી મિશન પ્રોગ્રામ અન્વયે વિવિધ પ્રોજેક્ટ પૈકી સરથાણા ખાતેના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ફ્રેંચ વેલ્સ, સોલાર પાવર પ્લાન્ટ વિગેરેની મુલાકાત લેવામાં આવેલ.

પોર્ટ બ્લેર મ્યુનિસિપલ કાઉન્સિલ તરફથી માન મેયરશ્રી, વિવિધ કમિટીના ચેરપર્સનશ્રીઓ તથા વિવિધ વોર્ડના ચુંટાયેલ કાઉન્સિલર્સશ્રીઓ દ્વારા વિઝીટ કરવામાં આવેલ.

બે દિવસની મુલાકાત બાદ તા.૨૬-૦૩-૨૦૧૮ના રોજ સુરત મહાનગરપાલિકાના મેયરશ્રી, ડે.મેયરશ્રી તથા અધ્યક્ષશ્રી - સ્ટેન્ડિંગ કમિટી સાથે મીટીંગ કરેલ જેમાં સુરત મહાનગરપાલિકા તરફથી શહેરના ઈતિહાસ તથા સભા સંચાલન અન્વયેની કામગીરી દર્શાવતું પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવેલ. ઉપરાંત, બે દિવસની મુલાકાત દરમ્યાન પોર્ટ બ્લેર મ્યુનિસિપલ કાઉન્સિલના માન.મેયરશ્રી દ્વારા સુરત શહેરમાં ચાલી રહેલ કામગીરી, થયેલ વિકાસ તથા શહેરમાં જાળવવામાં આવતી સ્વચ્છતા અંગે પ્રભાવિત થઇ વખાણ કરેલ. અંતે, સમગ્ર પોર્ટ બ્લેર મ્યુનિસિપલ કાઉન્સિલ વતી તેઓશ્રીએ સુરત શહેરના મેયરશ્રી તથા શાસક પક્ષના પદાધિકારીશ્રીઓને પોર્ટ બ્લેર આવવા નિમંત્રણ આપી મીટીંગનું સમાપન કરવામાં આવેલ .

જનસંપર્ક વિભાગસુરત
મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 855
તા.૨૬/૦૩/૨૦૧૮



**સુરત મહાનગરપાલિકા**
**સાઉથ–વેસ્ટ(અઠવા)**
**અખબારી યાદી**

**વિષય :** આકારણી વિભાગ દ્વારા મિલકત વેરાની રીકવરી બાબત.

સુરત મહાનગરપાલિકામાં આવેલ અઠવા ઝોન વિસ્તારમાં વર્ષ ૨૦૧૭–૧૮ ના મ્યુનિસિપલ મિલકતવેરાની રીકવરી ઘનિષ્ઠ કરવામાં આવેલ છે. જેમાં તા.૨૬/૦૩/૨૦૧૮ના રોજ અઠવાઝોન સંલગ્ન વિસ્તાર જેવાં કે સોસીયો સર્કલ ઉધના રોડ, ઉમરાવ નગર ભટાર રોડ, મહારાજા આર્કેડ તેમજ સિરાપન્ના શોપીંગ મળી કુલ ૧૨ પ્રોપર્ટી/મિલકતો સિલ કરેલ છે. અને સ્થળ પર વસુલાત રૂ.૨૫,૪૯૭/– જેટલી મિલકતવેરાની રીકવરી કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં. 856
તા.૨૭/૦૩/૨૦૧૮

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા
પશ્ચિમ ઝોન(રાંદેર)

**સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન(રાંદેર)માં સમાવિષ્ટ ટી.પી.સકીમ નં.૧૧(અડાજણ), ફા.પ્લોટ નં.૩૧ માં સ્થિત ફઝલ ટાવર, અડાજણ પાટીયા પાસે આજે તા.૨૭/૦૩/૨૦૧૮ના રોજ ૮૦' ની મંજુર થયેલ લાઈનદોરીની અસરમાં આવતા બાંધકામોના ડિમોલિશનની કામગીરી**

સુરત મહાનગરપાલિકાનાં પશ્ચિમ ઝોન(રાંદેર)વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૧૧(અડાજણ), ફા.પ્લોટ નં.૩૧માં આવેલ ફઝલ ટાવરના મિલ્કતદારોને ૮૦' ના રસ્તા અંગે મંજુર થયેલ લાઈનદોરી મુજબ મુખ્ય કચેરી ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી કલમ–૨૧૨(૨) મુજબ નોટીસ આપવામાં આવેલ. જેથી આજે તા.૨૭/૦૩/૨૦૧૮ ના રોજ અત્રેના રાંદેર ઝોન ધ્વારા સદર લાઈનદોરીના અમલીકરણના ભાગરૂપે ટી.પી.સ્કીમ નં.૧૧(અડાજણ), ફા.પ્લોટ નં.૩૧માં આવેલ ફઝલ ટાવરના લોઅર ગ્રાઉન્ડ ફલોરમાં આવેલ ૧૬ દુકાનો પૈકી ૧૧ દુકાનો સહિતનું બાંધકામ દૂર કરવામાં આવેલ અને આશરે ૧૦૦૦ ચો.ફુટ જેટલો ૮૦' ના ટી.પી.રસ્તાનો કબ્જો મેળવવામાં આવેલ અને ઘણા લાંબા સમયથી સદર બાંધકામોના કારણે અડાજણ પાટીયા થી જીલાની બ્રિજ તથા કોઝવે તરફ જતાં રસ્તામાં જાહેર જનતાને નડતી ટ્રાફિકની સમસ્યા હલ થાય તે માટે ૮૦' ના રસ્તાને ખુલ્લો કરવામાં આવેલ. વધુમાં સદર તોડવામાં આવેલ બાંધકામનું મટીરીયલ્સ / છારૂં / માટી સ્થળ પરથી દુર કરી રસ્તા વિભાગ ધ્વારા રસ્તો બનાવવાની કામગીરી સ્થળ પર હાલમાં કાર્યરત છે.

સદર કામગીરી પશ્ચિમ ઝોન(રાંદેર)ના એડી. સીટી ઈજનેરશ્રીની સૂચનાથી તથા કાર્યપાલક ઈજનેરશ્રી ના સીધા માર્ગદર્શન હેઠળ ૧–ડેપ્યુટી ઈજનેર, ૬–આસી.ઈજનેર / જુની ઈજનેર, ૧–સુપરવાઈઝર, ૨–ટેક. આસી., ૧–વિડિયો ગ્રાફર, ૧–ફોટોગ્રાફર, કુલ–૨૫ બેલદાર, કુલ ૫–નંગ મઝદા ગાડી / ટ્રક, ૨–જે.સી.બી., કુલ ૧૫–સિક્યોરીટી સ્ટાફ / માર્શલ તથા રાંદેર ઝોનનો શહેરી વિકાસ તથા દબાણના સ્ટાફ ધ્વારા મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ વિભાગ મુખ્ય કચેરીના ૨–આસી. ટાઉન પ્લાનરશ્રી તથા રાંદેર પોલીસ સ્ટેશનનાં પી.આઈ.શ્રી સરોડે તથા પી.એસ.આઈ.શ્રી ઉપાધ્યાય તથા તેમના ૧૫–પોલિસ (મહિલા સહિત)ના સ્ટાફ નાં સાથ અને સહકારથી કોઈપણ અણબનાવ ન બને તેની કાળજી લઈ સદર કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવેલ.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં.** 857

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા વિવિધ ઝોન વિસ્તારમાં અંદાજિત રૂ.૨૩૬.૮૭ કરોડના ખર્ચે સાકારિત થયેલ/થનાર વિવિધ પ્રકલ્પોની લોકાર્પણ/ ખાતમુહૂર્તની તકતીઓની અનાવરણવિધિ શ્રી કૌશિક પટેલ માન.મંત્રી, મહેસૂલ,ગુજરાત રાજયના વરદ્દહસ્તે આજરોજ રીવર પેલેસ પાસે,ઉત્રાણ પાવર હાઉસની બાજુમાં,મોટા વરાછા, તાપી કિનારે,સુરત ખાતે રાખવામાં આવેલ.

શ્રી કૌશિક પટેલ માન.મંત્રી, મહેસૂલ,ગુજરાત રાજય તેમજ અન્ય મહાનુભાવોએ વિવિધ પ્રકલ્પોના ખાતમુહૂર્ત/ લોકાર્પણની તકતીની અનાવરણવિધિ કરી હતી.

આ પ્રસંગે માનનીય મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે સુરત હંમેશા વિકાસમાં આગળ રહયું છે તાપી નદી ઉપર મોટા વરાછા વોટર વકર્સને લાગુ વરાછા ખાડી સુધી રીવર બ્રિજ તથા સદર સ્થળેથી વરાછા મેઈન રોડ સુધી વરાછા મેઈન રોડથી કલાકુંજ સોસાયટી સુધી તથા કલાકુંજ સોસાયટીથી શ્રી રામનગર સુધી ખાડીના બન્ને કાંઠે ફલાયઓવર બ્રિજ બનાવવાનો છે આ બ્રિજના નિર્માણથી ટ્રાફિકની સમસ્યા દુર થશે. આ બ્રિજ લોકો માટે આર્શીવાદરૂપ નીવડશે.આ ઉપરાંત પ્રાથમિક શાળા,પાર્ટી પ્લોટ, ૫૫ એમ.એલ.ડી. ક્ષમતાના ઓવર હેડ ટાંકી, સેન્ટ્રલ ઝોન ખાતે ભુગર્ભ ટાંકી/ ઓવર હેડ ટાંકીનું નિર્માણ કરવામાં આવશે.

આ પ્રસંગે માન.મંત્રી,મહેસુલ,ગુજરાત રાજય શ્રી કૌશિકકુમાર જમનાદાસ પટેલનું માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયા તથા માન.ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી ધ્વારા શાલ,મોમેન્ટો તથા પુસ્તક આપી સ્વાગત કરવામાં આવેલ તથા માન.મંત્રી(રાજય કક્ષા) ,આરોગ્ય અને પરિવાર કલ્યાણ,તબીબી શિક્ષણ, ગુજરાત રાજય શ્રી કિશોરભાઈ કાનાણી (કુમાર)નું સ્વાગત માન.અધ્યક્ષ સ્થાયી સમિતિ શ્રી રાજેશભાઈ દેસાઈ તથા માન. શાસક પક્ષ ન ા શ્રી ગિરિજા શંકર મિશ્રા ધ્વારા શાલ,મોમેન્ટો તથા પુસ્તક આપી સ્વાગત કરવામાં આવેલ તથા અન્ય મંચસ્થ મહાનુભાવોનું પુસ્તક અર્પણ કરી સ્વાગત કરવામાં આવેલ.

આ પ્રસંગે માન.મંત્રી(રાજય કક્ષા) ,આરોગ્ય અને પરિવાર કલ્યાણ,તબીબી શિક્ષણ, ગુજરાત રાજય શ્રી કિશોરભાઈ કાનાણી (કુમાર) તેમણે પ્રવચનમાં જણાવ્યું હતુ કે સુરત શહેરમાં લાખો લોકો રોજીરોટી મેળવવા માટે આવે છે શહેરનો બધી બાજુથી વિકાસ થઈ રહયો છે,લોકોને પ્રાથમિક સુવિધાઓ જેવી કે રસ્તા,ગટર,પાણી,બસ,શાંતિકુંજ,આરોગ્ય,શિક્ષણ જેવી સુવિધાઓ પુરી પાડવામાં આવે છે. વડીલો તેમજ તમામ પ્રજાજનોને ધ્યાનમાં રાખીને શાંતિકુંજો બનાવવામાં આવ્યા છે આ બ્રિજના નિર્માણથી ટ્રાફિકની સમસ્યા હલ થશે અને આ બ્રિજના તમામ લોકો માટે ઉપયોગી નિવડશે.

માન.મંત્રી,મહેસુલ,ગુજરાત રાજય શ્રી કૌશિકકુમાર પટેલે તેમના ઉદ્દબોધનમાં જણાવ્યું હતુ કે વિકાસના કાર્યો જે ઝડપે સુરત મહાનગરપાલિકા કરી રહી છે તે અભિનંદનીય છે.ગરીબ કલ્યાણ અને ગુડ ગર્વનન્સ એ અમારો નારો છે. સપ્તાહ પહેલા ૨૧ કરોડના પ્રોજેકટો અને આજે ૨૩૬.૮૭ કરોડના પ્રોજેકટોનું લોકાર્પણ/ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે જેમાંથી ૧૬૭ કરોડ કરોડનો બ્રિજ ૩૬ માસ, ત્રણ વર્ષમાં પૂર્ણ થનાર છે.આ વિકાસમાં સુરતના લોકોનો ખુબ મોટો ફાળો છે સુરતમાં પ્રથમવાર પ્રભારી તરીકે આવાનું થયુ હતુ ત્યારે અંદાજિત ૧૦,૦૦૦ મકાનો ગરીબ લોકોને ફાળવવામાં આવ્યા અને આજે આ બીજો કાર્યક્રમ છે જેમાં રૂા.૨૩૬ કરોડના ખર્ચે વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્ત અને લોકાર્પણવિધિ કરવામાં આવી છે. તાપી નદી પર કોઝ–વે પર શહેરની સેવાભાવી સંસ્થાઓ અને ભારતીય જનતાપાર્ટીના કાર્યકર્તાઓએ જળકુંભી દુર કરેલ છે જે પ્રશંશનીય છે.ગુજરાત રાજયનું બજેટ રૂા.૧,૮૩,૦૦૦/- કરોડનું છે.જેમાં તમામને આવરી લેવામાં આવેલ છે જેમાં દલિત,ગરીબ,શહેરી વિસ્તાર,ગ્રામ્ય વિસ્તાર,બહેનો,િ.ક્ષણ,આરોગ્ય જેવા તમામ બાબતનું ધ્યાન રાખવામાં આવ્યું છે.વિચારનું અમલીકરણ જરૂરી છે વર્ષો પછી વિચાર સમૃધ્ધ વ્યકિત વડાપ્રધાન તરીકે આપને મળ્યા છે. દુનિયાના બે થી ત્રણ શ્રેષ્ઠ શહેરોમાં સુરત શહેરે સ્થાન મેળવ્યું છે સ્ત્રીઓ પહેલા ચૂલો ફુકતી હતી જેનો ધુમાડો હાનિકારક હતો જેનો વિચાર માન.વડાપ્રધાનશ્રીએ કર્યો અને ૮ કરોડ મહિલાઓને ગેસ સીલીન્ડર આપ્યા આ ઉપરાંત સુલભ શૌચાલયોની સુવિધાઓ ઉપલબ્ધ કરાવી બાપુની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે સ્વચ્છતાનો સંદેશ ઘરે ઘરે પહોંચાડીશું અને સ્વચ્છતાનો આગ્રહ રાખીશું.

આ પ્રસંગે માન.સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ,માન.ધારાસભ્ય ્રી પુર્ણેશભાઈ મોદી , માન.ધારાસભ્ય શ્રી વિવેકભાઈ પટેલ, માન.ધારાસભ્ય શ્રી વિનોદભાઈ મોરડીયા,માન.ધારાસભ્ય શ્રી પ્રવિણભાઈ ઘોઘારી,માન.ધારાસભ્ય શ્રી કાંતિભાઈ બલર, માન.ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ,પત્રકારશ્રીઓ,સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ /કર્મચારીશ્રીઓ તથા ખુબ મોટી સંખ્યમાં જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

જનસંપર્ક વિભાગ,

સુરત મહાનગરપાલિકા તફરથી સાદર

સમાચાર યાદી નં.૮૫૮

તા.૩૦/૦૩/૨૦૧૮


સુરત મહાનગરપાલિકા
શ્રી કૌશિક પટેલનું




સુરત મહાનગરપાલિકા
કૌશિક પટેલ નું


સુરત
કૌશિક પટેલ






સુરત મહાનગરપાલિકા
શ્રી કૌશિક પટેલનું


સુરત મહાનગરપાલિકા
શ્રી કૌશિક પટેલનું


સુરત મહાનગરપાલિકા
શ્રી કૌશિક પટેલનું













સુરત મહાનગરપાલિકા
કૌશિક પટેલનું



